# સરવાણી

## વાર્ષિક મેગેઝિન

## 2025 - 2026

"જ્ઞાન - સંસ્કાર - સર્જનાત્મકતાનો અખંડ પ્રવાહ"

**સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડા,**
**જિલ્લો વલસાડ.**



Scanned with OKEN Scanner

GOVERNMENT ARTS & SCIENCE COLLEGE, KAPARADA

DIST. :- VALSAD

सर्वद्रव्येषु विद्यैव द्रव्यमाहुरनुत्तमम् ।

EST - 2012

વર્ષ ૨૦૨૫–૨૦૨૬ થી
આ કોલેજમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ થયેલ છે.

# જીતુભાઇ એચ. ચૌધરી

**ધારાસભ્ય**

**૧૮૧ - કપરાડા વિધાનસભા**

ક્રમાંક નં.૦૨૮૫ /૦૨૬

પૂર્વ રાજ્યકક્ષા મંત્રીશ્રી,

કલ્પસર, મત્સ્યોદ્યોગ (સ્વતંત્ર હવાલો),

નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા

ગાંધીનગર સદસ્ય નિવાસ, સેક્ટર ૨૧,

રૂમ નં. ૧૪/૧૦, ગાંધીનગર - ૩૮૨૦૧૦


તારીખ : 0 9 MAR 2026

## પ્રેરણાસભર શુભકામનાઓ

સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડા દ્વારા પ્રકાશિત વાર્ષિક મેગેઝિન "સરવાણી" જ્ઞાન, સર્જનાત્મકતા અને અભિવ્યક્તિનું સુંદર માધ્યમ છે. આ મેગેઝિન દ્વારા વિદ્યાર્થીઓ અને અધ્યાપકમંડળને પોતાની વિચારશક્તિ, સાહિત્યિક પ્રતિભા અને સંસ્કારમય દૃષ્ટિને વ્યક્ત કરવાની ઉત્તમ તક મળે છે.મને અત્યંત આનંદ થાય છે કે કોલેજ શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસના ક્ષેત્રમાં સતત પ્રગતિ કરી રહી છે. કોલેજ પરિવાર દ્વારા આયોજિત વિવિધ શૈક્ષણિક, સાં[illegible] અને સામાજિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદ[illegible]ન છે.

"સરવાણી" જેવા પ્રકાશનો વિદ્યાર્થીઓમાં વાંચન અને લેખન પ્રત્યેની રૂચિ વિકસાવે છે તેમજ નવી વિચારધારાને પ્રોત્સાહન આપે છે. આ મેગેઝિનમાં સમાવિષ્ટ લેખો, કાવ્યો અને વિવિધ સર્જનાત્મક અભિવ્યક્તિઓ નિશ્ચિતપણે વિદ્યાર્થીઓને પ્રેરણા આપશે અને તેમની પ્રતિભાને નવી દિશા આપશે તેવી મને પૂરી આશા છે.

ઈન્ચાર્જ આચાર્યશ્રી મનોજકુમાર પી. પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ થતી આ "સરવાણી" મેગેઝિનના પ્રસંગે કોલેજના આચાર્યશ્રી, અધ્યાપકમંડળ, સંપાદકમંડળ અને તમામ વિદ્યાર્થીમિત્રોને હાર્દિક અભિનંદન પાઠવું છું. આ મેગેઝિન વધુ ને વધુ સમૃદ્ધ બને અને કોલેજ ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર પ્રગતિના નવા શિખરો સર કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

આપનો સ્નેહાધીન,

(જીતુભાઈ એચ.ચૌધરી)


નિવાસસ્થાન : મુ.પો. કાકડકોપર, નિશાળ ફળીયા, તા. કપરાડા, જિ. વલસાડ - ૩૯૬ ૧૨૬

ફોન નં. (૦૨૬૩૩) ૨૯૯૨૩૦ E-mail : jitubhaichaudhary@gmail.com

**વાર્ષિક મુખપત્ર – સરવાણી 2025–26**

પ્રકાશન: સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડા
(જિલ્લો: વલસાડ, ગુજરાત)

**સંપાદકીય મંડળ (Editorial Board)**

**વાર્ષિક મેગેઝિન – "સરવાણી"**
**સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડા (જિ. વલસાડ)**

---

**🎓 પ્રેરણાસ્ત્રોત અને માર્ગદર્શક (Patron)**

**શ્રી મનોજકુમાર પી. પટેલ**
આચાર્યશ્રી,
સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડા (જિ. વલસાડ)

---

**🖊 મુખ્ય સંપાદક (Chief Editor)**

**પ્રા. કેવલકુમાર સુરેશભાઇ પટેલ,**
IQAC સંયોજક અને મદદનીશ પ્રાધ્યાપક (ઇતિહાસ)

---

**🧑‍🏫 સહ સંપાદકો**

- ડૉ. ભરત મોતીલાલ, મદદનીશ પ્રાધ્યાપક (હિન્દી)
- ડૉ. મેઘના ધારણે, મદદનીશ પ્રાધ્યાપક (સંસ્કૃત)

---

**સંપાદકીય મંડળ:**

- પ્રા. કિન્નરી પટેલ, મદદનીશ પ્રાધ્યાપક (અંગ્રેજી)
- પ્રા. અનીષ સી. ગામીત, મદદનીશ પ્રાધ્યાપક (સમાજશાસ્ત્ર)
- ડૉ. વિરેન્દ્ર આર. વસાવા, મદદનીશ પ્રાધ્યાપક (ગુજરાતી)

---

**🎓 વિદ્યાર્થી સંપાદકો (Student Editors)**

- સુરજ કામડી, સેમેસ્ટર-૬, ઇતિહાસ વિભાગ
- પૂનમ રાજપુરોહિત, સેમેસ્ટર-૬, અંગ્રેજી વિભાગ

---

**મેગેઝિન ડીઝાઇન અને લેઆઉટ**

- શ્રી સંદીપ ટંડેલ, PTI

---

**પ્રૂફ રીડીંગ :**

- શ્રી અમિતકુમાર એન. પરમાર, લાઇબ્રેરીયન



Scanned with OKEN Scanner

✨ "સરવાણી" કોલેજ પરિવારની સર્જનાત્મકતા, વિચારશક્તિ અને સંસ્કારનું પ્રતિબિંબ છે.



# 🌸 પ્રાર્થનાપુષ્પ 🌸

**યા કુન્દેન્દુ તુષાર- હાર ધવલા**

**યા કુન્દેન્દુ તુષાર- હાર ધવલા, યા શુભ્ર, વસ્ત્રામ્વૃતા !**

**યા વીણા- વર – દંડ – મંડિત કરા,યા શ્વેત પદ્માસના, ! !**

**યા બ્રહ્માચ્યુત શંકર પ્રભુતિભિ,દેવૈ:સદા – વંદિતા !**

**સા માસ્ પાતુ સરસ્વતી ભગવતી, નિ: શેષ જાડ્યાપહા ! !**



Scanned with OKEN Scanner

# "જય જય ગરવી ગુજરાત!"

## *કવિ નર્મદનું ગુજરાતી અસ્મિતાનું અવિનાશી ગાન*

જય જય ગરવી ગુજરાત!
જય જય ગરવી ગુજરાત,
દીપે અરુણું પરભાત,
જય જય ગરવી ગુજરાત !

ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી,
પ્રેમ શૌર્ય અંકિત;
તું ભણવ ભણવ નિજ સંતજિ સઉને,
પ્રેમ ભક્તિની રીત
ઊંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત.

ઉત્તરમાં અંબા માત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા, કુંતેશ્વર મહાદેવ;
ને સોમનાથ ને દ્વારકેશ એ,
પશ્ચિમ કેરા દેવ છે, સહાયમાં સાક્ષાત,
જય જય ગરવી ગુજરાત.

નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય.
વળી જોય સુભટના જુદ્ધ રમણને,
રત્નાકર સાગર;
પર્વત ઉપરથી વીર પૂર્વજો,
દે આશિષ જયકર સંપે સોયે સઉ જાત,
જય જય ગરવી ગુજરાત.

તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ.
તે રંગ થકી પણ અધિક સરસ રંગ,
થશે સત્વરે માત!
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે,
વીતી ગઈ છે રાત.
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.

## 🖉 સંપાદકીય નોંધ

પ્રિય વાચકમિત્રો,

અત્યંત આનંદ અને ગૌરવની લાગણી સાથે “સરવાણી 2025–26”નો અંક આપ સમક્ષ પ્રસ્તુત કરી રહ્યા છીએ. આ મેગેઝિન આપણા મહાવિદ્યાલયના શૈક્ષણિક વર્ષ દરમિયાન થયેલી વિવિધ પ્રવૃત્તિઓ, સિદ્ધિઓ અને સર્જનાત્મક અભિવ્યક્તિઓનું જીવંત દસ્તાવેજ છે.

“સરવાણી” માત્ર લેખો અને ફોટોગ્રાફ્સનો સંગ્રહ નથી; તે વિદ્યાર્થીઓના સ્વપ્નો, સંઘર્ષો, મહેનત અને સફળતાની ગાથા છે. આ વર્ષ દરમિયાન કોલેજે શિક્ષણને માત્ર પાઠ્યપુસ્તક સુધી મર્યાદિત રાખ્યા વગર જીવનમૂલ્યો, સામાજિક જવાબદારી અને રાષ્ટ્રીય ચેતનાને પ્રોત્સાહિત કર્યું છે.

વિદ્યાર્થીઓએ કવિતા, વાર્તા, નિબંધ, સંશોધન લેખ, ચિત્રકામ અને વિવિધ સ્પર્ધાઓ દ્વારા પોતાની આંતરિક પ્રતિભા ઉજાગર કરી છે. રમતગમત, NSS, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સેમિનાર દ્વારા સર્વાંગી વિકાસનો માર્ગ મજબૂત બન્યો છે.

આ અંકના પ્રકાશન માટે યોગદાન આપનાર તમામ અધ્યાપક મિત્રો, વિદ્યાર્થીમિત્રો અને સહયોગીઓને સંપાદન સમિતિ હાર્દિક અભિનંદન અને આભાર વ્યક્ત કરે છે.

આશા છે કે “સરવાણી”નો આ અંક વાંચકોને પ્રેરણા, ગૌરવ અને નવી દિશા પ્રદાન કરશે.

**— સંપાદન સમિતિ**
**સરવાણી 2025–26**



Scanned with OKEN Scanner

# IQAC Co-ordinator નો પ્રેરક સંદેશ



પ્રિય વિદ્યાર્થીમિત્રો, આદરણીય પ્રાધ્યાપક મિત્રો, વાલીઓ અને વાચકમિત્રો,

"સરવાણી 2025–26"ના આ અવસરે IQAC (Internal Quality Assurance Cell) તરફથી આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. આ વાર્ષિક મુખપત્ર માત્ર વર્ષ દરમિયાન યોજાયેલી પ્રવૃત્તિઓનો અહેવાલ નથી, પરંતુ ગુણવત્તા, પ્રતિબદ્ધતા અને સર્વાંગી વિકાસના સંકલ્પનું જીવંત પ્રતિબિંબ છે.

IQACનું મુખ્ય ધ્યેય સંસ્થામાં શૈક્ષણિક અને પ્રશાસનિક ગુણવત્તા સુનિશ્ચિત કરવાનું છે. આ વર્ષે કોલેજે ગુણવત્તાસભર શિક્ષણ, નવી શિક્ષણ નીતિ (NEP 2020)ના અમલીકરણ અને વિદ્યાર્થી-કેન્દ્રિત અભિગમને વધુ મજબૂત બનાવ્યો છે.

### 📚 શૈક્ષણિક પ્રગતિ

વર્ષ દરમિયાન વિવિધ વિષયોમાં ઉત્તમ પરિણામો પ્રાપ્ત થયા. રેમેડિયલ ક્લાસિસ, ઉદીશા અંતર્ગત માર્ગદર્શન કાર્યક્રમો અને સેમિનાર-વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓમાં વિષયજ્ઞાન અને સંશોધનમુખી અભિગમ વિકસાવવામાં આવ્યો. ફેકલ્ટી સભ્યોએ સંશોધન લેખ પ્રકાશિત કર્યા અને શૈક્ષણિક પરિષદોમાં ભાગ લીધો, જે સંસ્થાની શૈક્ષણિક પ્રતિષ્ઠા વધારવામાં સહાયક બન્યું.

### 🎭 સહ-પાઠ્ય અને પાઠ્યેતર પ્રવૃત્તિઓ

કોલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, રમતોત્સવ, NSS કેમ્પ, પર્યાવરણ જાગૃતિ અભિયાન અને વિવિધ રાષ્ટ્રીય દિવસોની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, ટીમવર્ક અને સામાજિક જવાબદારીના ગુણો વિકસાવવામાં આવ્યા. "પલાશ પર્વ" જેવા વાર્ષિકોત્સવ દ્વારા વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા રજૂ કરવાનો સશક્ત મંચ પ્રાપ્ત થયો.

### 🌿 સામાજિક અને પર્યાવરણ જાગૃતિ

NSS એકમ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, આરોગ્ય જાગૃતિ અને મતદાન જાગૃતિ કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાયા. આ પ્રવૃત્તિઓએ વિદ્યાર્થીઓમાં સેવા અને સમર્પણની ભાવના મજબૂત કરી.



Scanned with OKEN Scanner

## નવીનતા અને કૌશલ્ય વિકાસ

ડિજિટલ શિક્ષણ, ICT આધારિત અધ્યાપન, કૌશલ્ય વિકાસ કાર્યક્રમો, Innovation Club, SSIP અને કારકિર્દી માર્ગદર્શન સત્રો દ્વારા વિદ્યાર્થીઓને આધુનિક યુગની જરૂરિયાતોને અનુરૂપ તૈયાર કરવામાં આવ્યા.

## ગુણવત્તા અને NAAC દિશામાં પ્રયત્ન

IQAC દ્વારા આંતરિક શૈક્ષણિક ઓડિટ, પ્રતિસાદ વિશ્લેષણ અને સતત સુધારણા માટે વિવિધ પહેલ કરવામાં આવી. તમામ વિભાગોએ સંકલન અને સહકારથી ગુણવત્તા સુધારણા માટે કાર્ય કર્યું, જે સંસ્થાની પ્રગતિ માટે માઇલસ્ટોન સાબિત થયું છે.

આ તમામ સિદ્ધિઓ સંસ્થાના સંયુક્ત પ્રયત્નોનું પરિણામ છે. હું આ અવસરે આચાર્યશ્રીના દ્રઢ નેતૃત્વ, પ્રાધ્યાપકમિત્રોની નિષ્ઠા, બિન-શૈક્ષણિક સ્ટાફના સમર્પણ અને વિદ્યાર્થીમિત્રોની સક્રિય ભાગીદારી માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આગામી વર્ષોમાં પણ ગુણવત્તા, નવીનતા અને સંસ્કારના માર્ગે સંસ્થા સતત પ્રગતિ કરે તેવી શુભકામનાઓ.............

હાર્દિક શુભેચ્છાઓ.



(કેવલકુમાર એસ. પટેલ)

IQAC Co-ordinator

સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ,

કપરાડા



Scanned with OKEN Scanner

# 🎓 આચાર્યશ્રીનો શુભેચ્છા સંદેશ



પ્રિય વિદ્યાર્થીમિત્રો, વાલીઓ, આદરણીય સહકર્મી પ્રાધ્યાપકમિત્રો તથા માનનીય વાચકો,

"સરવાણી 2025–26"ના પ્રકાશન પ્રસંગે મને અત્યંત ગૌરવ અને આનંદની લાગણી થાય છે. આ વાર્ષિક મુખપત્ર માત્ર એક પ્રકાશન નથી, પરંતુ આપણા મહાવિદ્યાલયના વર્ષભરના શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમતગમત અને સામાજિક કાર્યોનું દર્પણ છે. આ મેગેઝિનમાં સંસ્થાના સમૂહ પ્રયત્નો, વિદ્યાર્થીઓની પ્રતિભા અને શિક્ષકમંડળની નિષ્ઠાનું સુંદર પ્રતિબિંબ જોવા મળે છે.

શિક્ષણનો હેતુ માત્ર પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરવી કે ડિગ્રી હાંસલ કરવી તે નથી; પરંતુ વ્યક્તિત્વ નિર્માણ, નૈતિક મૂલ્યોનો વિકાસ અને જવાબદારીપૂર્ણ નાગરિકત્વનું સંસ્કાર પ્રદાન કરવું એ તેના મૂળ તત્વો છે. અમારી સંસ્થા ખાસ કરીને ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ અને કૌશલ્ય વિકાસ ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે અને તેમને રાષ્ટ્રીય પ્રવાહ સાથે જોડવાનો સતત પ્રયત્ન કરે છે.

આ શૈક્ષણિક વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ શૈક્ષણિક ક્ષેત્રમાં ઉત્તમ પરિણામો પ્રાપ્ત કર્યા છે, જે ગૌરવની બાબત છે. સાથે જ રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિવિધ સ્પર્ધાઓ અને સામાજિક કાર્યક્રમોમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. NSS એકમ દ્વારા આયોજિત કેમ્પ, સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ અને સામાજિક જાગૃતિ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં સેવા, સમર્પણ અને નેતૃત્વના ગુણો વિકસ્યા છે.



Scanned with OKEN Scanner

નવી શિક્ષણ નીતિ (NEP 2020)ના અમલીકરણ સાથે કોલેજે વિદ્યાર્થી-કેન્દ્રિત અને કૌશલ્ય આધારિત શિક્ષણ પદ્ધતિ અપનાવી છે. સંશોધન પ્રવૃત્તિઓ, સેમિનાર, વર્કશોપ અને કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને આધુનિક યુગની માંગ અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે.

મને વિશ્વાસ છે કે અમારી સંસ્થાના વિદ્યાર્થીમિત્રો ભવિષ્યમાં પોતાના જ્ઞાન, સંસ્કાર અને સંકલ્પશક્તિ દ્વારા સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

"સરવાણી" ના આ અંકને સફળ બનાવનાર તમામ પ્રાધ્યાપકમિત્રો, સંપાદન સમિતિ, બિન-શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીમિત્રોને હૃદયપૂર્વક અભિનંદન અને આભાર વ્યક્ત કરું છું.

તમારા ઉજ્જવળ ભવિષ્યની કામના સાથે હાર્દિક શુભેચ્છાઓ.....

(મનોજકુમાર પી. પટેલ)<br>
આચાર્ય(I/C)<br>
સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ,<br>
કપરાડા



Scanned with OKEN Scanner

# 🏫 સંસ્થાની વિકાસગાથા

## 📌 🏫 સ્થાપના અને પરિચય

ગુજરાત રાજ્યના વલસાડ જિલ્લાના હરિયાળા અને રમણીય પર્વતોની હારમાળાની વચ્ચે વસેલા કપરાડા તાલુકાના મુખ્યમથકે સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડા, જિ. વલસાડની સ્થાપના સન ૨૦૧૨માં કરવામાં આવી હતી. ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય અને તેઓ જ્ઞાનના મુખ્ય પ્રવાહ સાથે જોડાઈ શકે તે મહત્ત્વના ઉદ્દેશ્ય સાથે આ સંસ્થાની શરૂઆત કરવામાં આવી હતી.

સન ૨૦૧૬માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના શુભહસ્તે કોલેજના નવા ભવનનો શુભારંભ થયો, જે સંસ્થાના વિકાસના પથ પર એક મહત્વપૂર્ણ માઇલસ્ટોન સાબિત થયો. ત્યારથી કોલેજે શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સહશૈક્ષણિક ક્ષેત્રોમાં સતત પ્રગતિ કરી છે.

એક નાનકડા રોપા સમાન શરૂ થયેલી આ સંસ્થા આજે આ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે જ્ઞાનનું વિશાળ વટવૃક્ષ બની ઉભી છે. આ વટવૃક્ષના વાવેતર, સંવર્ધન અને સિંચનમાં સંસ્થામાં ફરજ બજાવી ચૂકેલ પૂર્વ આચાર્યશ્રીઓ તથા પૂર્વ અધ્યાપકશ્રીઓનું અવિસ્મરણીય અને અમૂલ્ય યોગદાન રહ્યું છે. તેમની દુરંદેશી દ્રષ્ટિ અને સમર્પિત પ્રયત્નોના પરિણામે આ સંસ્થા સતત વિકાસના નવા આયામો સર કરી રહી છે.

આ સંસ્થાએ ગુણવત્તાસભર શિક્ષણ અને સંસ્કારમૂલક પ્રવૃત્તિઓ દ્વારા પોતાની વિશિષ્ટ ઓળખ ઉભી કરી છે અને રાષ્ટ્રીય મૂલ્યાંકન સંસ્થા NAAC દ્વારા "B" ગ્રેડ પ્રાપ્ત કરીને ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

કોલેજનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં જ્ઞાન, સંસ્કાર અને આત્મવિશ્વાસ વિકસાવવાનો છે, જેથી તેઓ સમાજમાં જાગૃતિ અને સશક્તિકરણ લાવી શકે અને રાષ્ટ્રના વિકાસમાં સક્રિય યોગદાન આપી શકે.



Scanned with OKEN Scanner

### 🎓 સંલગ્નતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્ન.

### 📚 અભ્યાસક્રમો

A. **બી.એ. (વિનયન પ્રવાહ)**

**મુખ્ય વિષયો:**

1) **ગુજરાતી**
2) **હિન્દી**
3) **સંસ્કૃત**
4) **ENGLISH**
5) **સમાજશાસ્ત્ર**
6) **ઇતિહાસ**

B. **બી.એસ.સી (વિજ્ઞાન પ્રવાહ)**

**મુખ્ય વિષયો:**

1) **રસાયણશાસ્ત્ર**
2) **પ્રાણીશાસ્ત્ર**
3) **ગણિતશાસ્ત્ર**
4) **વનસ્પતિશાસ્ત્ર**

### 🏢 સુવિધાઓ

- સમૃદ્ધ લાઇબ્રેરી (સંદર્ભ પુસ્તકો અને ઇ-સ્રોતો સાથે)
- કમ્પ્યુટર લેબ અને ઇન્ટરનેટ સુવિધા
- NSS એકમ
- સ્વચ્છ અને હરિયાળુ કેમ્પસ

### 🌿 દ્રષ્ટિ (Vision)

"શિક્ષણ દ્વારા માનવમૂલ્યો અને રાષ્ટ્રીય ચેતનાથી સમૃદ્ધ સશક્ત યુવાનોનું નિર્માણ."

### 🎯 મિશન (Mission)

- ગુણવત્તાસભર અને સર્વસમાવેશી શિક્ષણ
- ગ્રામ્ય અને આદિવાસી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન
- નૈતિકતા, સંસ્કાર અને જવાબદારીનું સંવર્ધન
- સંશોધન અને નવીનતાને પ્રોત્સાહિત કરવું



Scanned with OKEN Scanner

# 🌟 વર્ષની મુખ્ય થીમ અને ઉદ્દેશ્ય

## ✨ થીમ : "જ્ઞાનની ધારા, સર્જનની સરવાણી"

### 🎯 મુખ્ય ઉદ્દેશ્યો

1. શૈક્ષણિક ઉત્તમતા અને ગુણવત્તામાં વૃદ્ધિ
2. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને નવીનતા વિકસાવવી
3. સંસ્કાર અને રાષ્ટ્રીય મૂલ્યોનું પ્રેરણાદાન
4. પર્યાવરણ જાગૃતિ અને સામાજિક જવાબદારી
5. NEP 2020 મુજબ કૌશલ્ય આધારિત અભ્યાસક્રમનો અમલ
6. સર્વાંગી વિકાસ – બૌદ્ધિક, શારીરિક અને નૈતિક

આ વર્ષે કોલેજે શિક્ષણ અને જીવનમૂલ્યો વચ્ચે સંતુલન સાધીને વિદ્યાર્થી કેન્દ્રિત કાર્યક્રમોનું આયોજન કર્યું છે. "સરવાણી" આ સમગ્ર યાત્રાનો સાક્ષી અને દસ્તાવેજ છે.

---



Scanned with OKEN Scanner

# કોલેજની જ્ઞાનયાત્રાના સુકાની

**આચાર્યશ્રી**

**શ્રી મનોજકુમાર પી. પટેલ**

**પદ:** આચાર્ય (I/C)

**શૈક્ષણિક લાયકાત:** M.A., B.Ed., NET

**અનુભવ:** 10+ વર્ષ



"દ્રષ્ટિવાન નેતૃત્વ – સંસ્થાની પ્રગતિનો આધાર"

શ્રી મનોજકુમાર પટેલ સાહેબના દીર્ઘદ્રષ્ટિ અને પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ કોલેજે શૈક્ષણિક અને સહ-પાઠ્ય પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેઓ ગુણવત્તાસભર શિક્ષણ, શિસ્ત,સંસ્કારના સંકલન અને ભવિષ્યના સમાજ અને દેશના શ્રેષ્ઠ નાગરિકો તૈયાર થાય તે માટે સતત પ્રયત્નશીલ છે.

---

# "જ્ઞાનદીપના પ્રજ્વલિત સ્તંભ"

## *અમારા અધ્યાપકવૃંદ – પ્રેરણા, માર્ગદર્શન અને સંસ્કારના શિલ્પીઓ*

શિક્ષક માત્ર વિષયજ્ઞાન આપતા નથી; તેઓ ભવિષ્યના શિલ્પી છે. તેમની નિષ્ઠા, શિસ્ત, સ્નેહ અને માર્ગદર્શનથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, મૂલ્યો અને જીવનદિશા વિકસે છે.

સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડાનું અધ્યાપકવૃંદ ગુણવત્તાસભર શિક્ષણ, સંશોધન, નવીનતા અને સામાજિક જવાબદારી માટે પ્રતિબદ્ધ છે.

આ વિભાગમાં અમે અમારા પ્રતિભાશાળી અને સમર્પિત અધ્યાપકોનો પરિચય ગૌરવપૂર્વક રજૂ કરીએ છીએ.



Scanned with OKEN Scanner

| | |
|---|---|
| **ડૉ. ભરત મોતીલાલ,**<br><br>**મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-૨**<br><br>**વિભાગ:** હિન્દી<br>**લાયકાત:** M.A., Ph.D., NET<br><br>હિન્દી ભાષા અને સાહિત્યના અધ્યયન દ્વારા વિદ્યાર્થીઓમાં ભાષા ગૌરવ, સાહિત્યપ્રેમ અને અભિવ્યક્તિની ક્ષમતા વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. | <br>"હિન્દી ભાષાના પ્રેરક" |
| **ડૉ. મેઘના ધારણે,**<br><br>**મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-૨**<br><br>**વિભાગ:** સંસ્કૃત<br>**લાયકાત:** M.A., Ph.d,<br><br>ભારતીય પરંપરા અને સંસ્કૃતિના મૂળ સ્વરૂપને સંસ્કૃત ભાષા દ્વારા વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટે સમર્પિત છે. | <br>**"પ્રાચીન જ્ઞાનના પ્રેરક"** |
| **પ્રા.કિન્નરી પટેલ,**<br><br>**મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-૨**<br><br>**વિભાગ:** અંગ્રેજી<br>**લાયકાત:** M.A., **GSET**<br><br>અંગ્રેજી ભાષા અને સાહિત્ય દ્વારા વિદ્યાર્થીઓમાં વૈશ્વિક દ્રષ્ટિ, સંવાદ કૌશલ્ય અને આધુનિક વિચારધારા વિકસાવવા માટે પ્રયત્નશીલ છે. | <br>**"ગ્લોબલ સંવાદના માર્ગદર્શક"** |

# પ્રા.અનીષ સી. ગામીત,

**મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-૨**

**વિભાગ:** સમાજશાસ્ત્ર

**લાયકાત:** M.A., **GSET**

સમાજિક મૂલ્યો, જાગૃતિ અને સામાજિક જવાબદારી અંગે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા તથા વિવિધ સમાજિક કાર્યક્રમોમાં સક્રિય સહભાગી બને છે.




**"સમાજ અને સંસ્કારના શિલ્પી"**

# પ્રા. કેવલકુમાર એસ. પટેલ,

**મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-૨**

**વિભાગ:** ઇતિહાસ

**લાયકાત: M.A., GSET**

ઇતિહાસના અધ્યયન દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ગૌરવ, સંસ્કૃતિની સમજ અને ભૂતકાળમાંથી પ્રેરણા લેવાની દ્રષ્ટિ વિકસાવે છે. તેઓ વિદ્યાર્થીઓને ઇતિહાસમાંથી પ્રેરણા લઈને જવાબદાર નાગરિક બનવા પ્રોત્સાહિત કરે છે.



**"ઇતિહાસથી પ્રેરિત ભવિષ્યના માર્ગદર્શક"**

# ડૉ. વિરેન્દ્ર આર. વસાવા,

**મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-૨**

**વિભાગ:** ગુજરાતી

**લાયકાત: M.A., Ph.D., NET, GSET**

ગુજરાતી ભાષા અને સાહિત્ય પ્રત્યે ઊંડો અભ્યાસ તથા રસ ધરાવતા પ્રાધ્યાપકશ્રી વિદ્યાર્થીઓમાં ભાષા પ્રત્યે પ્રેમ, સર્જનાત્મકતા અને અભિવ્યક્તિ કૌશલ્ય વિકસાવવા માટે સતત પ્રયત્નશીલ છે.



**"ભાષા અને સંસ્કૃતિના માર્ગદર્શક"**



Scanned with OKEN Scanner

| | |
|---|---|
| **શ્રી અમિતકુમાર એન. પરમાર**<br><br>**ગ્રંથપાલ (Librarian)**<br>**લાયકાત: M.Lib., GSET**<br><br>કોલેજના ગ્રંથાલયને જ્ઞાનના કેન્દ્ર તરીકે વિકસાવવામાં અને વિદ્યાર્થીઓમાં વાંચનની આદત તથા સંશોધન પ્રત્યે રસ વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. તેમની સેવાથી વિદ્યાર્થીઓને વિવિધ જ્ઞાનસંપદા અને માહિતી સુધી સરળ પહોંચ મળે છે | <br>**"જ્ઞાનના ખજાનાના સંરક્ષક"** |
| **🏃 શ્રી સંદિપકુમાર એન. ટંડેલ**<br><br>**શારીરિક શિક્ષણ નિર્દેશક (PTI)**<br>**લાયકાત: M.P.Ed., M.Phil., GSET**<br><br>વિદ્યાર્થીઓમાં શારીરિક તંદુરસ્તી, રમતગમત પ્રત્યે ઉત્સાહ અને શિસ્તના મૂલ્યો વિકસાવવા માટે સતત પ્રયત્નશીલ છે. વિવિધ રમતગમત પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને આરોગ્યદાયક જીવનશૈલી તરફ પ્રેરિત કરે છે. | <br>**"તંદુરસ્તી અને રમતગમતના પ્રેરક"** |
| **પ્રા. રશ્મિતા એલ. રાઠોડ,**<br><br>**મદદનીશ પ્રાધ્યાપક (કરાર આધારિત)**<br>**વિભાગ:** ઇતિહાસ<br>**લાયકાત:** M.A., GSET<br><br>ઇતિહાસના વિવિધ પરિમાણો દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કૃતિ, પરંપરા અને રાષ્ટ્રીય વારસાની સમજ વિકસાવવામાં સક્રિય યોગદાન આપે છે. | <br>**"સાંસ્કૃતિક વારસાની ઓળખના માર્ગદર્શક"** |



Scanned with OKEN Scanner

# જ્ઞાનયાત્રાના સહયાત્રી

## *વિદ્યાર્થી વિકાસના પ્રેરક માર્ગદર્શકો*

કોલેજના શૈક્ષણિક વિકાસમાં મુલાકાતી અધ્યાપકશ્રીઓનું મહત્વપૂર્ણ યોગદાન રહેલું છે. પોતાના વિષયજ્ઞાન, અનુભવ અને શિક્ષણ પ્રત્યેના સમર્પણ દ્વારા તેઓ વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર માર્ગદર્શન પૂરું પાડે છે. તેમની પ્રેરણાદાયક શિક્ષણશૈલી વિદ્યાર્થીઓમાં જ્ઞાનપ્રત્યે રસ, વિચારશક્તિ અને આત્મવિશ્વાસ વિકસાવવામાં મદદરૂપ બને છે.

મુલાકાતી અધ્યાપકશ્રીઓ માત્ર પાઠ્યક્રમ પૂરતું શિક્ષણ આપતા નથી, પરંતુ વિદ્યાર્થીઓને નવી વિચારધારા, સંશોધન અને સર્જનાત્મકતા તરફ પ્રેરિત પણ કરે છે. તેમના સહયોગ અને માર્ગદર્શનથી કોલેજનું શૈક્ષણિક વાતાવરણ વધુ સમૃદ્ધ અને પ્રેરણાદાયક બન્યું છે.

કોલેજ પરિવાર મુલાકાતી અધ્યાપકશ્રીઓના આ અમૂલ્ય યોગદાન માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

| ફોટો | નામ | વિભાગ | અભ્યાસ |
|---|---|---|---|
|  | **શ્રી દિનેશભાઇ ડી. દળવી** | ગુજરાતી વિભાગ | M.A., NET |
|  | **શ્રી સુનિલભાઇ ગુરવ** | અંગ્રેજી વિભાગ | M.A., |



Scanned with OKEN Scanner

| ફોટો | નામ | વિભાગ | અભ્યાસ |
|---|---|---|---|
|  | કુ. હેમાક્ષી થોરાટ | સંસ્કૃત વિભાગ | M.A., |
|  | શ્રીમતિ ચંદનબેન ચવધરી | હિન્દી વિભાગ | M.A, |
|  | શ્રી અનિલભાઇ ગાયકવાડ | ઇતિહાસ વિભાગ | M.A., SET |
|  | કુ. વિભૂતિબેન પટેલ | હિન્દી વિભાગ | M.A., SET |
|  | કુ. રિંકલબેન પટેલ | ગણિતશાસ્ત્ર વિભાગ | M.Sc. |



Scanned with OKEN Scanner

| ફોટો | નામ | વિભાગ | અભ્યાસ |
| --- | --- | --- | --- |
|  | કુ. હેમુબેન ચૌધરી | વનસ્પતિ શાસ્ત્ર વિભાગ | M.Sc. |
|  | શ્રી જયેશભાઇ વાઘત | રસાયણશાસ્ત્ર વિભાગ | M.Sc. |

# સંસ્થાના સહયોગી સ્તંભ

## વહીવટી સ્ટાફ

**શ્રી અંબાદાસભાઇ ભુસારા**

**પદ: કોમ્પ્યુટર ઓપરેટર**

વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને જરૂરી વહીવટી સહાય પૂરી પાડવામાં સક્રિય ભૂમિકા ભજવે છે. તેમની સેવા અને સહકારથી કોલેજની દૈનિક કામગીરી સરળ અને કાર્યક્ષમ બને છે.



# “સેવા અને સહકારના સહયાત્રી”

## સેવક ભાઈઓ

### શ્રી યુવરાજભાઇ પટેલ

કોલેજના દૈનિક કાર્યમાં સક્રિય સહયોગ આપી સંસ્થાના સુચારૂ સંચાલનમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. તેમની મહેનત, જવાબદારી અને સમર્પણથી કોલેજ પરિવારને હંમેશા સહયોગ પ્રાપ્ત થાય છે.



**“સેવા અને સમર્પણના સહયોગી”**

### શ્રી ગણેશભાઇ ચૌધરી

કોલેજના વિવિધ કાર્યોમાં નિષ્ઠાપૂર્વક સહભાગી બની સંસ્થાની વ્યવસ્થા સુચારૂ રીતે ચાલે તે માટે મહત્વપૂર્ણ યોગદાન આપે છે.



*“કોલેજ પરિવારના વિશ્વાસુ સહયોગી”*

### શ્રી ઇશ્વરભાઇ અવતાર

તેમની મહેનત, સમયપાલન અને જવાબદારીપૂર્ણ સેવાથી કોલેજના દૈનિક કાર્યને સરળ અને સુવ્યવસ્થિત બનાવવામાં મહત્વપૂર્ણ સહયોગ મળે છે.




**“નિષ્ઠા અને પરિશ્રમના પ્રતિક”**



Scanned with OKEN Scanner

| | |
|---|---|
| **શ્રી મગનભાઇ અવતાર**<br><br>કોલેજના વિવિધ કાર્યક્રમો અને દૈનિક કાર્યોમાં સક્રિય સહયોગ આપી સંસ્થાના વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. | <br>**“સેવા ભાવનાના સહયાત્રી”** |
| **શ્રી જયેશભાઇ અવતાર**<br><br>કોલેજના વિવિધ કાર્યક્રમો અને દૈનિક કાર્યોમાં સક્રિય સહયોગ આપી સંસ્થાના વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. | <br>**“સેવા ભાવનાના સહયાત્રી”** |

---

## 🤝 સેવક બહેનો

| | |
|---|---|
| **શ્રીમતિ અનિતાબેન ભોયા**<br><br>કોલેજના દૈનિક કાર્યમાં સમર્પિત ભાવથી સહયોગ આપી સંસ્થાની વ્યવસ્થા સુચારૂ રીતે ચાલે તે માટે મહત્વપૂર્ણ યોગદાન આપે છે. | <br>**“સમર્પણ અને સેવા ભાવનાનું પ્રતિબિંબ”** |
| **કુ. સોહાનીબેન ચૌધરી**<br><br>તેમની મહેનત, જવાબદારી અને નિષ્ઠાથી કોલેજ પરિવારને હંમેશા વિશ્વાસ અને સહકારનો અનુભવ થાય છે. | <br>**“કોલેજ પરિવારની વિશ્વાસુ સહયોગી”** |



Scanned with OKEN Scanner

# શીખતા યુવાનો – સંસ્થાના સહયોગી હાથ

## શ્રી મિતેશકુમાર સોનાર

**પદ:** એપ્રેન્ટીસ (Apprentice Trainee)

કોલેજમાં એપ્રેન્ટીસ સ્કીમ હેઠળ કાર્ય કરી તેઓ શૈક્ષણિક સાથે સાથે વહીવટી અને વ્યવહારિક કાર્યનો મહત્વપૂર્ણ અનુભવ પ્રાપ્ત કરી રહ્યા છે. તેમની ઉત્સાહભરી સેવા, જવાબદારી અને શીખવાની લાગણી કોલેજના દૈનિક કાર્યમાં સકારાત્મક સહયોગ આપે છે.



**"શીખતા શીખતા સેવા આપતા યુવા સહયોગી"**

## કુ. પ્રજ્ઞેશ્વરીકુમારી ચૌધરી

**પદ:** એપ્રેન્ટીસ (Apprentice Trainee)

શિક્ષણ સાથે પ્રયોગાત્મક કાર્ય દ્વારા પોતાના વ્યક્તિત્વ અને કૌશલ્યને વિકસાવવાની દિશામાં તેઓ સતત પ્રયત્નશીલ છે અને કોલેજ પરિવારને સક્રિય સહયોગ આપે છે.




**"શીખવાની યાત્રાના પ્રેરક પગલાં"**

## શ્રી એકનાથકુમાર દાહવડ

**પદ:** એપ્રેન્ટીસ (Apprentice Trainee)

એપ્રેન્ટીસ તરીકે તેઓ કોલેજના વિવિધ કાર્યોમાં સહયોગ આપી અનુભવ અને કુશળતા વિકસાવી રહ્યા છે. તેમની નિષ્ઠા અને ઉત્સાહથી સંસ્થાની કામગીરીમાં સહાય મળે છે.




**"અનુભવથી વિકાસ તરફના પગલાં"**



Scanned with OKEN Scanner

# “સમયરેખા 2025–26: સંકલ્પથી સિદ્ધિ સુધી”

## એક વર્ષની સર્જનાત્મક અને શૈક્ષણિક યાત્રા

📅 **21/06/2025 – 11મો વિશ્વ યોગ દિવસ**

**અહેવાલ:**

વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય વિકાસ માટે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. 57 વિદ્યાર્થીઓ અને 9 અધ્યાપકોની હાજરીમાં યોગાસન અને પ્રાણાયામનું પ્રદર્શન થયું. યોગના વૈજ્ઞાનિક લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

**“યોગ – સ્વસ્થ જીવનશૈલીનો આધાર”**






Scanned with OKEN Scanner

## 04/07/2025 – આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ વ્યાખ્યાન

**અહેવાલ:**

સહકારી સંસ્થાઓના સમાજ વિકાસમાં મહત્વ અંગે વ્યાખ્યાન યોજાયું. વિદ્યાર્થીઓને સહકારી આંદોલનના ઇતિહાસ અને પ્રભાવ અંગે માહિતગાર કરવામાં આવ્યા.

**"સહકારથી સમૃદ્ધિ"**















## 08/07/2025 – પ્રથમ વર્ષમાં કોલેજમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓનો આવકાર સમારોહ

**અહેવાલ:**

અત્રેની કોલેજમાં પ્રથમ વર્ષ બી.એ અને બી.એસસીમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને આવકાર આપવામાં આવ્યો. આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓને સંસ્થાનો પરિચય અને આવકાર આપવામાં આવ્યો.






### 10/07/2025 – ગુરુપૂર્ણિમા ઉજવણી

**અહેવાલ:**

સપ્તધારાની જ્ઞાનધારા અંતર્ગત ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થીઓએ ગુરુ-શિષ્ય પરંપરાનું મહત્ત્વ ઉજાગર કર્યું અને ગુરુઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી.

## "ગુરુ વંદના – જ્ઞાનપ્રકાશનો સ્રોત"





Scanned with OKEN Scanner

## 📅 16/07/2025 – કુદરતી ખેતી મોડલ ફાર્મ સ્થાપના

**અહેવાલ:**

કોલેજ કેમ્પસમાં કુદરતી ખેતી મોડલ ફાર્મ સ્થાપિત કરાયો. 65 વિદ્યાર્થીઓ અને 13 અધ્યાપકો ઉપસ્થિત રહ્યા. વિદ્યાર્થીઓને પર્યાવરણમિત્ર કૃષિ પદ્ધતિ અંગે પ્રાયોગિક માર્ગદર્શન મળ્યું.

### "કુદરતી ખેતી – પર્યાવરણમિત્ર પહેલ"















Scanned with OKEN Scanner

**29/07/2025 – ભારતીય જ્ઞાન પ્રણાલી વક્તૃત્વ સ્પર્ધા**

**અહેવાલ:**

વિદ્યાર્થીઓએ ભારતીય જ્ઞાન પરંપરાના શૈક્ષણિક અને સામાજિક મહત્વ વિષે પોતાના વિચારો રજૂ કર્યા.

**"વિચારોથી વિકાસ"**






Scanned with OKEN Scanner

## 30/07/2025 – તજજ્ઞ વ્યાખ્યાન

**અહેવાલ:**

ડો. સુનિતીબેન કારુલકરના માર્ગદર્શન હેઠળ ભારતીય જ્ઞાન પરંપરાના મહત્વ વિષે વ્યાખ્યાન યોજાયું. 81 વિદ્યાર્થીઓ અને 15 અધ્યાપકો હાજર રહ્યા.

### "જ્ઞાન સંવાદ"

















## 01/08/2025 – પોસ્ટર મેકિંગ સ્પર્ધા

**અહેવાલ:**

21 વિદ્યાર્થીઓએ ભાગ લઈને વિવિધ સામાજિક વિષયો પર પોસ્ટર બનાવ્યા.

**"રંગો દ્વારા સંદેશ"**









Scanned with OKEN Scanner

## 15/08/2025 – હર ઘર તિરંગા રેલી

**અહેવાલ:**

52 વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથે રેલી યોજાઈ. દેશપ્રેમ અને એકતાનો સંદેશ આપવામાં આવ્યો.

**"તિરંગા સાથે ગૌરવ યાત્રા"**




















Scanned with OKEN Scanner

## 🗓️ 26/08/2025 – એ.આઈ. તાલીમ કાર્યક્રમ

**અહેવાલ:**

વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આધુનિક ઉપયોગ વિષે તાલીમ આપવામાં આવી.

### “ટેકનોલોજી તરફ પગલું”


















Scanned with OKEN Scanner

## 📅 30/08/2025 – એનિમિયા તપાસ

**અહેવાલ:**

64 વિદ્યાર્થીનીઓની આરોગ્ય તપાસ હાથ ધરાઈ. પોષણ માર્ગદર્શન આપવામાં આવ્યું.

📷 ફોટો: આરોગ્ય તપાસ

🖉 કેપ્શન: "સ્વસ્થ વિદ્યાર્થી – સશક્ત ભવિષ્ય"






Scanned with OKEN Scanner

📅 **08/09/2025 – 13/09/2025 – ઇનોવેશન મેરેથોન**

**અહેવાલ:**

30 કલાકની ઇનોવેશન મેરેથોન દરમિયાન વિદ્યાર્થીઓએ ટીમ બનાવી નવીન વિચારો પર પ્રોજેક્ટ તૈયાર કર્યા. સમસ્યા નિરાકરણ, પ્રેઝન્ટેશન કૌશલ્ય અને ટીમ વર્કનો વિકાસ થયો. વિદ્યાર્થીઓએ સર્જનાત્મકતાને પ્રાયોગિક સ્વરૂપ આપવાનો સફળ પ્રયાસ કર્યો.

**"નવાચાર તરફ દોડ – ઇનોવેશન મેરેથોન 2025"**









Scanned with OKEN Scanner









Scanned with OKEN Scanner

## 09/09/2025 – મેહંદી મેકિંગ વર્કશોપ

**અહેવાલ:**

રંજનાબેન ટંડેલના માર્ગદર્શન હેઠળ 85 વિદ્યાર્થીઓએ મેહંદી ડિઝાઇનની વિવિધ ભાતો શીખી. આ વર્કશોપથી સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસમાં વધારો થયો.

### "હાથોમાં કળા – મેહંદી વર્કશોપ"























Scanned with OKEN Scanner

## 10/09/2025 – નેઇલ આર્ટ અને મિરર વર્ક વર્કશોપ

**અહેવાલ:**

પૂજાબેન ટંડેલ અને ટીમ દ્વારા નેઇલ આર્ટ અને મિરર વર્કની તાલીમ આપવામાં આવી. 70 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. કૌશલ્ય વિકાસ અને સ્વરોજગારની દિશામાં પ્રેરણા મળી.

"સર્જનાત્મક કૌશલ્ય – નવી દિશા"




## 11/09/2025 – ક્લે મેકિંગ વર્કશોપ

**અહેવાલ:**

ચૈતાલીબેન રાજપુતના માર્ગદર્શન હેઠળ 102 વિદ્યાર્થીઓએ માટીમાંથી વિવિધ આકારો બનાવ્યા. કલાત્મકતા અને સર્જનાત્મક અભિવ્યક્તિનો સુંદર પ્રદર્શન થયો.

**"માટીમાં સર્જન – કલાત્મક અભિવ્યક્તિ"**






Scanned with OKEN Scanner

## 📅 14/10/2025 – નશામુક્ત ભારત અભિયાન

**અહેવાલ:**

વિદ્યાર્થીઓને નશામુક્ત સમાજ નિર્માણ માટે પ્રેરિત કરવા શપથ કાર્યક્રમ યોજાયો. જાગૃતિ ભાષણ દ્વારા આરોગ્ય અને સંસ્કારનો સંદેશ આપવામાં આવ્યો.

**"નશામુક્ત યુવા – સ્વસ્થ ભારત"**






Scanned with OKEN Scanner

## 09/12/2025 – સાયબર ક્રાઇમ જાગૃતિ કાર્યક્રમ

**અહેવાલ:**

એસ.બી.આઈ. અને પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓને ડિજિટલ સુરક્ષા અને ઠગાઈથી બચવાના ઉપાયો સમજાવાયા.

### "ડિજિટલ યુગમાં સુરક્ષા"



























## 📅 12/12/2025 – ફુડ ફેસ્ટિવલ

**અહેવાલ:**

9 સ્ટોલ સાથે ફુડ ફેસ્ટિવલ યોજાયો. વિદ્યાર્થીઓએ ઉદ્યોગ સાહસિકતા અને ટીમ વર્કનું ઉત્તમ પ્રદર્શન કર્યું. 105 વિદ્યાર્થીઓ હાજર રહ્યા.

**"સ્વાદ સાથે સ્વરોજગાર"**















## 15/12/2025 – આદિવાસી લોકનૃત્ય સ્પર્ધા

**અહેવાલ:**

આદિવાસી સંસ્કૃતિના જતન માટે લોકનૃત્ય સ્પર્ધા યોજાઈ. 7 ગ્રુપે પ્રસ્તુતિ આપી. મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા.

### "આદિવાસી સંસ્કૃતિનો રંગ"













Scanned with OKEN Scanner

## 15/12/2025 – 21/12/2025 – NSS વિશેષ શિબિર

**અહેવાલ:**

લાકડમાળ ગામે 50 વિદ્યાર્થીઓએ સ્વચ્છતા, આરોગ્ય અને શિક્ષણ જાગૃતિ કાર્યક્રમો યોજ્યા. સામાજિક જવાબદારી અને નેતૃત્વ ગુણો વિકસ્યા.

### "સેવા પરમો ધર્મ"















Scanned with OKEN Scanner

## 01/01/2026 – 06/01/2026 – શૈક્ષણિક પ્રવાસ

**અહેવાલ:**

જેસલમેર, જોધપુર અને અંબાજી પ્રવાસ દરમિયાન 50 વિદ્યાર્થીઓએ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાનો અભ્યાસ કર્યો. અનુભવ આધારિત શિક્ષણનો ઉત્તમ અવસર મળ્યો.

"અનુભવથી અભ્યાસ"












Scanned with OKEN Scanner

### 12/01/2026 – રાજ્યકક્ષાનો સેમિનાર: એક ભારત, શ્રેષ્ઠ ભારત: કોલેજની અભૂતપૂર્વ સિધ્ધિ:

**અહેવાલ:**

KCG અમદાવાદના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો. સંશોધન પેપર પ્રેઝન્ટેશનથી શૈક્ષણિક ગૌરવ વધ્યું.

**"રાજ્યકક્ષાનો જ્ઞાન સંવાદ"**




















Scanned with OKEN Scanner

## 📅 28/01/2026 – 31/01/2026 – રમતોત્સવ

**અહેવાલ:**

યુનિવર્સિટી કક્ષાએ યોજાયેલ રાજ્યકક્ષાના રમતોત્સવમાં 11 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. વિદ્યાર્થી વાંક સેમ્યુલે બે બ્રોન્ઝ મેડલ મેળવી કોલેજને ગૌરવ અપાવ્યું.

### "રમતગમતમાં ગૌરવ સિદ્ધિ"












---



Scanned with OKEN Scanner

## 18/02/2026 – માતૃભાષા મહોત્સવ

**અહેવાલ:**

પુસ્તક પ્રદર્શન અને ભાષા કાર્યક્રમ દ્વારા 187 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. વાંચનની સંસ્કૃતિ અને ભાષા ગૌરવનો સંદેશ આપવામાં આવ્યો.

### "માતૃભાષા – સંસ્કૃતિનો આધાર"





















# પુસ્તક પ્રદર્શન




















Scanned with OKEN Scanner

# “હાથમાં મોબાઇલ, આંખોમાં સપના”
# ડિજિટલ યુગમાં વિદ્યાર્થીઓનું જીવન – તક અને પડકાર
# (કપરાડા વિસ્તારના સંદર્ભમાં)




**લેખક: રોશનભાઈ ગણેશભાઈ ભોયા,**

**TYBA (Sem-6) (History)**


સવારનો સમય હતો. કપરાડાના પર્વતીય વિસ્તારમાં આવેલું એક નાનું ગામ. ઘરમાં હજી વીજળી અડધે સમય જ આવે છે. એક વિદ્યાર્થી છત પર ઊભો છે, હાથમાં મોબાઇલ ઊંચું પકડીને નેટવર્ક શોધી રહ્યો છે. કારણ કે આજે તેની ઓનલાઇન ક્લાસ છે.

આ દ્રશ્ય માત્ર એક વિદ્યાર્થીનું નથી — આ કપરાડા વિસ્તારના અનેક વિદ્યાર્થીઓનું વાસ્તવિક ચિત્ર છે. હાથમાં મોબાઇલ છે, પણ માત્ર મનોરંજન માટે નહીં — સપનાઓને સાકાર કરવા માટે.

“શિક્ષણ એ માત્ર જીવન માટેની તૈયારી નથી, પરંતુ જીવન પોતે જ શિક્ષણ છે.” – John Dewey

આજનો સમય ડિજિટલ યુગ તરીકે ઓળખાય છે. એક સમય હતો જ્યારે કપરાડા જેવા ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ માટે સંસાધનોની ભારે અછત હતી. લાઇબ્રેરીઓ ના હતી, માર્ગદર્શન ઓછું અને સ્પર્ધાત્મક પરીક્ષાની માહિતી સમયસર મળતી નહોતી. પરંતુ આજે પરિસ્થિતિ બદલાઈ રહી છે આજે એક નવો યુગ આવ્યો છે.

### ડિજિટલ યુગ – નવી તકોનો સૂર્યોદય

ડિજિટલ ટેક્નોલોજીએ શિક્ષણમાં ક્રાંતિ લાવી છે. આજે કપરાડાનો વિદ્યાર્થી YouTube, ઓનલાઇન કોર્સ અને ઈ-લાઇબ્રેરી દ્વારા દેશ-વિદેશના જ્ઞાન સુધી પહોંચી શકે છે.

ભારત સરકારે અમલમાં મૂકેલી National Education Policy 2020 ટેક્નોલોજી આધારિત શિક્ષણ અને કુશળતા વિકાસને પ્રાથમિકતા આપે છે. આ નીતિનો મુખ્ય ઉદ્દેશ એ છે કે ગ્રામ્ય અને શહેરી વિદ્યાર્થીઓ વચ્ચેનું અંતર ઘટે અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ આગળ વધે .

COVID-19 દરમિયાન જ્યારે શાળાઓ અને કોલેજો બંધ થઈ ગઈ હતી, ત્યારે Government of India દ્વારા શરૂ કરાયેલા વિવિધ ઓનલાઇન શિક્ષણ કાર્યક્રમોએ અભ્યાસની ગતિ અટકવા દીધી ન હતી પણ ઓનલાઇન ના માધ્યમથી એ ચાલુ હતી.

આજે કપરાડાનો વિદ્યાર્થી ઓનલાઇન સ્કોલરશિપ ફોર્મ ભરી શકે છે, સરકારી યોજનાઓ વિશે જાણી શકે છે, અને નવી નવી સ્કિલ્સ શીખી શકે છે. ડિજિટલ યુગે તેને આત્મવિશ્વાસ આપ્યો છે અને નવી તકો આપે છે જેના દ્વારા એ પોતાના સપનાઓ સાથે કરી શકે છે .



Scanned with OKEN Scanner

**સપનાઓ વચ્ચે ઊભેલા સંઘર્ષો**

પરંતુ જ્યાં પ્રકાશ છે ત્યાં છાંયો પણ છે.

1.કપરાડા વિસ્તારમાં નેટવર્ક સમસ્યા હજી પણ મોટો પડકાર છે. ઘણીવાર વિદ્યાર્થીઓને અભ્યાસ માટે યોગ્ય વાતાવરણ અને સાધનો ઉપલબ્ધ નથી. આર્થિક મર્યાદાઓ પણ શિક્ષણમાં અવરોધ ઊભો કરે છે.

2. મોબાઇલનો અતિરેક ઉપયોગ.

શૈક્ષણિક સાધન તરીકે લેવાયેલ મોબાઇલ ઘણીવાર સોશિયલ મીડિયા અને ગેમ્સમાં સમય બગાડે છે. સોશિયલ મીડિયા પર સતત તુલનાની ભાવના માનસિક દબાણ ઊભું કરે છે. ખોટી માહિતી અને ફેક ન્યૂઝ વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરી શકે છે.

ડિજિટલ સાધન શક્તિ છે — પરંતુ જો નિયંત્રણ વગર વપરાય, તો તે વિકાસને બદલે વિક્ષેપનું કારણ બને છે.

**સંતુલન – સફળતાની સાચી ચાવી**

ડિજિટલ યુગ neither સંપૂર્ણ આશીર્વાદ છે કે સંપૂર્ણ અભિશાપ — તે આપણા ઉપયોગ પર આધારિત છે. જો કપરાડાનો વિદ્યાર્થી સમયનું યોગ્ય આયોજન શીખે, મોબાઇલનો ઉપયોગ જ્ઞાન માટે કરે અને મનોરંજન માટે મર્યાદિત રાખે, તો ડિજિટલ સાધનો તેની સફળતાનો મજબૂત સેતુ બની શકે છે.

"સપના તે નથી જે ઊંઘમાં આવે, સપના તે છે જે ઊંઘ આવવા ન દે." – A. P. J. Abdul Kalam

આ વિચાર દરેક વિદ્યાર્થી માટે માર્ગદર્શક બની શકે છે.

**કપરાડા માટે ખાસ સંદેશ**

કપરાડા વિસ્તાર પ્રકૃતિથી સમૃદ્ધ છે, પરંતુ સંસાધનોની મર્યાદાઓ હજી પણ છે. છતાંય અહીંના વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા, મહેનત અને સંકલ્પની શક્તિ અદ્ભુત છે.

આજનો ડિજિટલ યુગ આપણને એક સોનેરી તક આપી રહ્યો છે —ગામમાંથી જ વિશ્વ સુધી પહોંચવાની.

જો કપરાડાનો વિદ્યાર્થી ટેક્નોલોજીને મિત્ર બનાવશે, લત નહીં; જ્ઞાનને પ્રાથમિકતા આપશે, સમયનો સદુપયોગ કરશે — તો તે માત્ર પોતાનું નહીં, પરંતુ સમગ્ર વિસ્તારનું ગૌરવ વધારશે.

**ઉપસંહાર**

આજે કપરાડાના પર્વતો વચ્ચે એક નવી ક્રાંતિ જન્મ લઈ રહી છે. હાથમાં મોબાઇલ છે, પણ આંખોમાં મોટા સપના છે. ડિજિટલ યુગે આપણને તક આપી છે — હવે ફરજ છે કે આપણે આ તકને સાચી દિશામાં વાપરીએ. ડિજિટલ યુગ એક દીવો છે. તે પ્રકાશ પણ આપી શકે છે અને આગ પણ લગાવી શકે છે. પસંદગી આપણા હાથમાં છે.

ચાલો, આપણે કપરાડાને જ્ઞાન, સંકલ્પ અને ડિજિટલ શક્તિથી નવી ઊંચાઈએ લઈ જઈએ.



Scanned with OKEN Scanner

પ્રેરણાત્મક પંક્તિઓ

હાથમાં મોબાઇલ, આંખોમાં આકાશ,

નાનકડું કપરાડા, પણ સપનાઓ છે ખાસ.

નેટવર્ક ભલે ધીમું પડે,

પણ હિંમત કદી ન થાકે.

મર્યાદા નહીં, સંકલ્પ મારી ઓળખ છે,

અભાવ નહીં, મહેનત મારી શક્તિ છે.

કપરાડાની ધરતીથી ઉઠેલો દરેક વિદ્યાર્થી આજે કહે છે —

"મર્યાદા નથી મારી ઓળખ,

મારો સંકલ્પ જ મારી શક્તિ છે."

**જય જોહાર જય આદિવાસી** 🌾



Scanned with OKEN Scanner

# "Healthy Body in Healthy Mind"



**શ્રી સંદિપકુમાર ટંડેલ**
**શારીરિક શિક્ષણ નિર્દેશક,**

કોલેજ જીવનમાં શારીરિક પ્રવૃત્તિ ખૂબ જ મહત્વપૂર્ણ છે. કોલેજના વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી અભ્યાસ, પ્રોજેક્ટ અને ક્લાસમાં વ્યસ્ત રહે છે. તેથી શરીર અને મનને તંદુરસ્ત રાખવા માટે શારીરિક પ્રવૃત્તિ જરૂરી બને છે. નિયમિત કસરત, યોગ, દોડ અને વિવિધ રમતો શરીરને મજબૂત બનાવે છે. તે શરીરમાં ઊર્જા વધારવામાં અને થાક ઘટાડવામાં મદદ કરે છે. શારીરિક પ્રવૃત્તિથી મન સ્વસ્થ રહે છે અને એકાગ્રતા વધે છે. "Healthy Body in Healthy Mind"

કોલેજોમાં વિવિધ રમતો જેવી કે એથ્લેટિક્સ, વોલીબોલ, રસ્સાખેંચ, ક્રિકેટ,કબડ્ડી અને ખો-ખો જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. આ રમતો દ્વારા વિદ્યાર્થીઓમાં સહકાર, શિસ્ત અને ટીમભાવના જેવા ગુણો વિકસે છે. શારીરિક પ્રવૃત્તિ તણાવ ઘટાડવામાં પણ મદદરૂપ બને છે. તે આત્મવિશ્વાસ વધારવામાં અને સકારાત્મક વિચારધારા વિકસાવવામાં મદદ કરે છે.

નિયમિત શારીરિક પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓ સ્વસ્થ અને સક્રિય રહે છે. સ્વસ્થ શરીર સારા અભ્યાસ માટે પણ ખૂબ જરૂરી છે. તેથી કોલેજના દરેક વિદ્યાર્થીઓએ રોજિંદા જીવનમાં શારીરિક પ્રવૃત્તિને મહત્વ આપવું જોઈએ અને તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવો જોઈએ.



Scanned with OKEN Scanner

# "લાઇબ્રેરી – એટલે જ્ઞાનનો ખજાનો અને શાંતિનું મંદિર."



✍️ લેખક:

અમિતકુમાર નટુભાઈ પરમાર

ગ્રંથપાલ, સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડા

**"પુસ્તકો માણસના સાચા મિત્રો છે, અને લાઇબ્રેરી એ જ્ઞાનના અનમોલ ખજાનામાં આવા મિત્રો મળવાનું સુંદર સ્થાન છે."**

## Story (લઘુકથા):

કોલેજની લાઇબ્રેરી વિદ્યાર્થીઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ સ્થાન છે. અહીં શાંતિપૂર્ણ વાતાવરણ, વિવિધ વિષયોના પુસ્તકો, મેગેઝિન, સમાચારપત્રો અને સંદર્ભ ગ્રંથો ઉપલબ્ધ હોય છે. લાઇબ્રેરીમાં પ્રવેશતા જ એવું લાગે છે કે જાણે જ્ઞાનનો એક મોટો ખજાનો આપણા માટે ખુલ્લો થઈ ગયો હોય.

લાઇબ્રેરીમાં દરેક પ્રકારના પુસ્તકો મળે છે – અભ્યાસ માટેના પાઠ્યપુસ્તકો, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો, જીવનમૂલ્યો શીખવતા પુસ્તકો અને મહાન વ્યક્તિઓની જીવનકથાઓ. આવા પુસ્તકો વાંચવાથી વિદ્યાર્થીઓને માત્ર અભ્યાસમાં જ નહીં પરંતુ જીવનમાં આગળ વધવા માટે પણ પ્રેરણા મળે છે.

એક દિવસ એક વિદ્યાર્થી પહેલીવાર લાઇબ્રેરીમાં આવ્યો. શરૂઆતમાં તેને લાગ્યું કે અહીં તો માત્ર મોટા મોટા પુસ્તકો હશે. પરંતુ જ્યારે તેણે એક પુસ્તક હાથમાં લઈને વાંચવાનું શરૂ કર્યું ત્યારે તેને નવી નવી વાતો જાણવા મળી. દરેક પાનાં સાથે તેની ઉત્સુકતા વધતી ગઈ.

ધીમે ધીમે તે દરરોજ લાઇબ્રેરીમાં આવવા લાગ્યો. હવે લાઇબ્રેરી તેના માટે માત્ર અભ્યાસ કરવાની જગ્યા નહોતી, પરંતુ શાંતિથી બેસીને કંઈક નવું શીખવાનો સમય બની ગયો હતો. અહીં તેને વિવિધ વિષયોની માહિતી મળતી, નવા વિચારો મળતા અને વાંચનની સુંદર આદત વિકસતી ગઈ.

લાઇબ્રેરીમાં બેસીને વાંચવાથી તેની એકાગ્રતા વધવા લાગી અને તેના અભ્યાસમાં પણ ઘણો સુધારો થયો. હવે તેને સાચે સમજાયું કે લાઇબ્રેરી માત્ર પુસ્તકો રાખવાની જગ્યા નથી, પરંતુ જ્ઞાનનો પ્રકાશ ફેલાવતું એક કેન્દ્ર છે. અહીંથી મળેલું જ્ઞાન માણસને જીવનમાં આગળ વધવાની સાચી દિશા બતાવે છે.

આમ ધીમે ધીમે પુસ્તકો તેના સારા મિત્રો બની ગયા. પુસ્તકોમાંથી મળેલા જ્ઞાનથી તેની સમજ અને આત્મવિશ્વાસ બંને વધ્યા. કોલેજના અધ્યાપકોએ પણ તેની અંદર થયેલો બદલાવ નોંધ્યો. તેના અભ્યાસમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી અને તેના સ્વભાવમાં પણ એક અલગ જ આત્મવિશ્વાસ તથા શાંત વિચારશીલતા જોવા મળી. હવે તે માત્ર સારો વિદ્યાર્થી જ નહોતો રહ્યો, પરંતુ જ્ઞાન પ્રત્યે ઉત્સુક અને



Scanned with OKEN Scanner

પ્રેરણાદાયી વિદ્યાર્થી તરીકે ઓળખાવા લાગ્યો અને લાઇબ્રેરી પ્રત્યેનો ઉત્સાહ જોઈને અન્ય વિદ્યાર્થીઓ પણ પ્રેરિત થવા લાગ્યા. તેઓ પણ લાઇબ્રેરીમાં આવવા લાગ્યા અને પુસ્તકો વાંચવાની ટેવ વિકસાવવાની શરૂઆત કરી.

## અંતિમ સંદેશ (Conclusion)

લાઇબ્રેરી કોઈ સામાન્ય સ્થાન નથી, પરંતુ જ્ઞાન અને પ્રેરણાનું પવિત્ર કેન્દ્ર છે. અહીં રહેલા પુસ્તકો વિદ્યાર્થીઓને નવી દિશા અને નવા વિચારો આપે છે. વાંચનની આદત માણસના જીવનમાં આત્મવિશ્વાસ, સમજ અને જ્ઞાન વધારવામાં ખૂબ મદદ કરે છે. લાઇબ્રેરીમાં વિતાવેલો દરેક ક્ષણ વ્યક્તિને કંઈક નવું શીખવતો હોય છે.

આજના ડિજિટલ યુગમાં પણ પુસ્તકોનું મહત્વ ઓછું થયું નથી, કારણ કે પુસ્તકો માણસના સાચા માર્ગદર્શક બને છે. આજકાલ મોબાઇલ, ઈન્ટરનેટ અને વિવિધ ડિજિટલ સાધનો દ્વારા માહિતી સરળતાથી મળી જાય છે, છતાં પુસ્તકોનું સ્થાન હજુ પણ અનોખું અને મહત્વપૂર્ણ છે. પુસ્તકો વાંચવાથી મન એકાગ્ર બને છે, વિચારશક્તિ વિકસે છે અને વિષયને ઊંડાણપૂર્વક સમજવાની ક્ષમતા વધે છે. ડિજિટલ માધ્યમમાં માહિતી ઝડપથી મળી જાય છે, પરંતુ પુસ્તકો વિષયને વ્યવસ્થિત રીતે અને વિશ્વસનીય રીતે સમજાવે છે.

ઉદાહરણ તરીકે, કોઈ વિદ્યાર્થી જો કોઈ વિષય વિશે માત્ર ઈન્ટરનેટ પર થોડી માહિતી વાંચે તો તેને માત્ર સંક્ષિપ્ત જાણકારી મળે છે. પરંતુ જ્યારે તે જ વિદ્યાર્થી લાઇબ્રેરીમાં જઈને તે વિષયનું પુસ્તક વાંચે છે, ત્યારે તેને વિષયનું સંપૂર્ણ અને સ્પષ્ટ જ્ઞાન મળે છે.

તે માટે આજે પણ કોલેજ અને શાળાઓમાં લાઇબ્રેરીનું મહત્વ અતિ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ડિજિટલ સાધનો માહિતી આપે છે, પરંતુ પુસ્તકો સાચું અને ઊંડું જ્ઞાન આપે છે.

અંતે એટલું જ કહી શકાય કે **"લાઇબ્રેરી એ જ્ઞાનનો ખજાનો છે અને વાંચન એ સફળતાનો સાચો માર્ગ છે."**



Scanned with OKEN Scanner

# " મા"
# ( જીવનની ઓળખ)



શ્રી  અનિષભાઈ સી.ગામીત
( મદદનીશ પ્રાધ્યાપક -સમાજશાસ્ત્રવિભાગ)

**" મા તે મા બધા વગડાના વા " ગોળ વિના મોળો કંસાર માતા વિના સુનો સંસાર "**

નારી વિનાની દુનિયાની તો શું ? કલ્પના જ કરવી

આ દુનિયા છે નારી વિના વરવી " મા" ની મમતા વગર સંવેદના સૂની લાગે,

દીકરીના હાસ્ય વગર ખુશીઓ પણ ફિક્કી લાગે.

નારી તો નબળાઈમાં છુપાયેલી અડગ શક્તિ છે,

જે તૂટેલાં સપનાઓને ફરી ઊભા કરવાની યુક્તિ છે.

નારી છે પ્રેરણાનો સ્રોત,સપનાઓને આપે ઉડાન,

નારી છે સંઘર્ષની શાન,સિદ્ધિઓ સુધી આપે ઉડાન,

નારી છે ઘરનો દીવો,આપે જીવનને નવી રાહ,

નારી છે સમાજની રોશની ,બતાવે સફળતાની રાહ

નારી જ્યાં સન્માન પામે,ત્યાં ખીલે સંસ્કૃતિ નું માન,

નારી જ્યાં અપમાન પામે,ત્યાં તૂટે માનવતાનું માન ,એથી જ કહું છું ગર્વથી નારી છે.

જીવનની સૌથી સુંદર રચના,કારણ કે નારી વગર દુનિયા માત્ર રહી જાય છે અધૂરી કલ્પના.

(સ્પંદન)

<u>કવિતા : "કપરાડા – પ્રકૃતિ અને પ્રગતિની ધરતી"</u>

કપરાડા ધરતી હરિયાળી, પર્વતોની ગોદમાં વસે,
જંગલોની સુગંધ વચ્ચે, કુદરતનું સંગીત અહીં રસે.

સહ્યાદ્રીની છાયામાં ખીલે પ્રકૃતિના રંગ નિરાળા,
મેઘધારા વરસે ત્યારે હરિયાળી થાય ડુંગર અને ખીણો ન્યારા.

વારલી, કોકણા અને ધોડિયા જનજાતિની સંસ્કૃતિ અનોખી,
સરળતા અને પરંપરાથી ઝળહળે અહીંની જીવનગાથા અનોખી.

નદીઓ વહે સંગીત બની, પવન ગાય મધુર રાગ,
કુદરતના આ રંગોમાં છુપાયેલું છે જીવનનું મહાન જ્ઞાન.

શૈક્ષણિક સંસ્થાઓ, સ્કૂલ અને કોલેજો અહીં પ્રકાશ ફેલાવે,
જ્ઞાન અને સંસ્કારથી નવી પેઢીને ઉન્નતિના માર્ગે દોરાવે.

અભ્યાસ અને વિકાસની સાથે નવી દિશામાં આગળ વધે,
એક ભારત શ્રેષ્ઠ ભારતના સંદેશથી, ગુજરાતને ગર્વથી મહેકાવે.

🌿📚


રચયિતા :

શ્રી. અમિતકુમાર નટુભાઈ પરમાર

ગ્રંથાલય વિભાગ

સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડા




Scanned with OKEN Scanner

| | |
|---|---|
| **" માનવતાનું સિંચન એટલે લોક કેળવણી "** **( શિક્ષણ)** |  |
| | શ્રી અનિષભાઈ સી.ગામીત ( મદદનીશ પ્રાધ્યાપક -સમાજશાસ્ત્રવિભાગ) |

ઉત્તમ સમાજ રચનામાં વ્યક્તિના સર્વાંગી હિતોનું જતન થાય તે આવશ્યક છે આજકાલ સમાજમાં બનતી નકારાત્મક ઘટનાઓ તરફ નજર નાખીએ ત્યારે વર્તમાન સમજવ્યવસ્થા તથા સામાજિકીકરણ socialization ની પ્રક્રિયામાં ખામીઓ નજરે પડે છે બાળકના સામાજિકીરણનો મુખ્ય આધાર તેના વાલી અને કુટુંબ પર છે વાલી અને શાળા એકબીજાના સહયોગથી બાળકના ઉત્તમ સામાજિકીકરણ તથા સંસ્કાર અને ચરિત્ર નિર્માણની પ્રક્રિયામાં ઘણું બધુ કરી શકે તેમ છે પરંતુ આ બાબતે ચૌક્કસ દિશામાં સંવેદનાપૂર્ણ અભિગમ સાથે કામ થાય તે મહત્વનું છે.

બાળકના ઘડતરમાં શાળાનું વિશેષ યોગદાન છે શૈક્ષણિક પ્રક્રિયા અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકના સર્વાંગી ઘડતરના આયામો ઉમેરી શકાય છે કેળવણી એ બાળકના અસ્તિત્વને ઓળખી તેને યોગ્ય દિશામાં વાળવાનું કામ કરે છે દરેક બાળકની શીખવાની ક્ષમતા,કુશળતા,ધીરજ અને સહનશીલતા જેવા પરિબળો અલગ- અલગ હોય છે. કેળવણીની સમજણ વ્યાપક છે. શાળા દ્વારા બાળકની આંતરિક શક્તિઓને પારખીને તેની ખરી ઓળખ ઊભી કરવામાં કેળવણીનું મહત્વનું યોગદાન છે.

કેળવણીનો આધાર માત્ર શાળા પર જ નથી,તે હકીકત સ્વીકારી પડશે -વાલીઓએ અને વર્તમાન સામાજિક વ્યવસ્થાએ પણ આ માટે સક્રિય થવું પડશે <u>"'કેળવણી એ જીવન પર્યંત ચાલતી પ્રક્રિયા છે "</u> શિક્ષણ વ્યવસ્થા સાથે સંકળાયેલા શિક્ષક /અધ્યાપક મિત્રો અને સહયોગીઓએ સમજણપૂર્વક આગળ વધવું એ આજની જરૂરિયાત છે.જ્યારે બાળક શિક્ષણ વ્યવસ્થા માંથી બહાર આવીને સમાજજીવન અને વ્યવસાય તરફ ડગ માંડે ,ત્યારે ખરેખર ઉત્તમ કેળવણીની કસોટી થાય છે. " આજનું બાળક આવતકાલનું ભવિષ્ય છે " સાચી કેળવણી એ છે જે <u>વિદ્યાર્થીના હદય ,મસ્તક અને હાથ ને ( 3H) કેન્દ્રમાં રાખીને તેને જીવન જીવતા શીખવે છે</u>.

આજે પણ એવી કેટલીક સંસ્થાઓ છે જે વિદ્યાર્થીઓમાં આદર્શ કેળવણી આત્મસાત થાય તે માટે સકારાત્મક ભાવ સાથે કામ કરી રહી છે. જેમાં વિદ્યાર્થીઓમાં " સમૂહકાર્ય,શ્રમ,સફાઈ અને નેતૃત્વ " જેવા ગુણોને કેન્દ્રમાં રાખી તેમના જીવનમાં તંદુરસ્ત વાતાવરણ ઊભું કરવા મથામણ કરવામાં આવે છે. ઉત્તમ કેળવણી દરેક વિદ્યાર્થીઓ માં કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સામાજિક સમરસતાના ગુણો કેળવે છે " **<u>કેળવણી એ ઉત્તમ સમાજ માટેનો આદર્શ પાયો છે "</u> ( ચિંતન ની પળે )**

# कहानी: सफ़र



भरत कनफ़

अख़बार खोलकर पढ़ने लगा तो एक ख़बर पर नज़र टिक गई । ख़बर थी 'एक स्त्री को कुछ लोगों ने मिलकर मार दिया |' इस ख़बर को पढ़ते-पढ़ते अतीत की घटनाओं में चला गया । आज से बीस साल पहले दिल्ली में न मेट्रो थी और न ही सरकारी बस की इतनी संख्या थी कि समय पर मिल सकें । प्राइवेट बसें आराम से मिल जाया करती थीं । ऐसे ही एक दिन रमेश तपती दोपहरी, टपकते पसीने के बीच, बस स्टैण्ड पर बस का इंतजार कर रहा था । उस दिन गर्मी अन्य दिनों के मुकाबले ज़्यादा ही थी । लू भी काफी चल रही थी, तभी थोड़ी देर में दूर से सड़क पर बस झूमती हुई आती दिखाई दी । सभी मुसाफ़िर की उदास निगाहों में बस को देखते ही चमक आ गई । बस के पास आकर रुकते ही भीड़ का समूह, बस के भीतर घुसने के लिए मशक्कत करने लगा । जल्दी-जल्दी में रमेश ने भी सीट पर कब्जा कर लिया । बस में सीट का मिलना युद्ध जीतने जैसा होता है । घंटे भर खुली धूप में इंतज़ार करने के बाद जब भी बस आती थी, तो भरी हुई मिलती थी । लेकिन आज रमेश सोच रहा है, भाग्य अच्छा है । क्योंकि अन्य दिनों की तुलना में बस खाली थी और आज सीट भी मिल गई ।

सीटों पर बैठें लोगों के चेहरों पर शांति का भाव है । नई उम्र के युवक-युवतियाँ मशग़ूल हैं एक-दूसरों में । कुछ स्त्रियाँ एक-दूसरे से कबूतरों की भांति आपस में गुटर-गूँ कर रही हैं । कुछ लोग फोन में व्यस्त हैं । अभी भी कुछ सीटें खाली, बेजान सी भी पड़ी है । ड्राइवर के पास रेडियो टुनटुना रहा है । रेडियो के पास शिव-पार्वती की मूर्ति पर मुरझाए गेंदे के फूल की माला लटक रही है । खराब सड़क के कारण बस में चर्रर..मर्रर. का स्वर गूंज रहा है । बस के पीछे के गेट के पास एक स्त्री चुपचाप खड़ी थी । वह पता नहीं कब बस में चढ़ी उसपर किसी का ध्यान ही नहीं गया । उसके चेहरे का रंग काला है, लेकिन शरीर में कसावट है । जो उसकी मेहनत और परिश्रम की तरफ संकेत करता है । उसके कपड़े धूल और पसीने से गन्दे हो गए हैं । उसके बालों में अजीब सा बिखराब है । उसकी गोद में दो-ढाई साल का बच्चा है । वह बच्चा बहुत देर से रो रहा है । जिसकी तरफ किसी का ध्यान नहीं जा रहा है । बस की सभी सवारियाँ अपनी धुन में मगन हैं । वह स्त्री बच्चें को चुप कराने की कोशिश कर रही है । लेकिन बच्चा चुप होने की जगह ओर जोर से रोने लगा है । उस स्त्री ने अपने मैले से झोले से एक प्लास्टिक के पानी की बोतल निकाली । बोतल को देखकर उसकी आँखों में निराशा सी छा गई क्योंकि बोतल में पानी नहीं था । उसकी आँखे बस में चारों तरफ कुछ खोजने लगीं । दूसरी तरफ कंडक्टर ड्राइवर से बात करते हुए अपनी जेब में से गुटखा निकाला कर है मुँह में डालता है ।

गुटखा चबाता हुआ सावरियों की तरफ आ रहा था । एक बीस-बाईस साल की लड़की की ओर आकर संकेत में टिकट के पैसे के लिए हाथ बढ़ा दिए ।

उस लड़की ने कहा - "एक दस वाला टिकट दे दो भैया"

कंडक्टर ने बगल वाली सीट पर जाकर खिड़की का शीशा खोलकर मुँह से पिचकारी बनाकर बाहर थूका और कहा- "कहाँ तक जाना हैं ?"

"बस आगे कुछ दूरी तक भैया ।"

कंडक्टर ने दस रूपये का नोट मोड़कर अपनी अँगुलियों में धँसा लिया और उस लड़की को टिकट पकड़ा कर आगे की सावरिओं की तरफ बढ़ गया । एक महिला के पास पहुँचकर कहा "राम-राम अंटी" ! कहाँ का टिकट काट दूँ ।

अंटी- "मुए जहाँ रोज जाती हूँ ।"

कंडक्टर हँसने लगा, फिर टिकट पकड़ा कर फिर आगे की ओर चल दिया । अभी भी उस स्त्री का बच्चा रोय जा रहा था । रोने के कारण बच्चें की आवाज़ बैठने लगी थी । वह स्त्री खाली बोतल में पानी की एक बूंद ढूंढने की कोशिश कर रही थी लेकिन उसमें पानी नहीं था । एक महिला और पुरुष उस स्त्री से कुछ दूरी पर बैठे थे । आपस में बातचीत कर रहे थे । कंडक्टर उनके पास आया कहा आप को कहा जाना है ? उन्होंने कहा 'मदर डायरी' । कंडक्टर ने उनसे पैसे मांगे । महिला ने कहा "अरे भैया आज गर्मी बहुत है थोड़ा पानी तो पी लेने दो ।" वह अपने पर्स में से स्टील की पानी की बोतल निकालकर पानी पीने लगी । उसे पानी पीता देखकर खड़ी महिला की आँखों में कुछ चमक दिखाई दी । पानी पीने के बाद बोतल को वापस पर्स में डाल दिया । यह देखकर स्त्री के मन में निराशा उतर आयी ।

लाल बत्ती पर कुछ देर के लिए बस रुकी । वो स्त्री इधर-उधर खिड़की से झाँकने लगी । उसे पानी बेचने वाला लड़का पास आता दिखाई दिया । उसने उसे आवाज़ लगाकर पास बुलाया । उससे कहा "ओ पानी वाले एक पानी देना ।" लड़के ने उसकी ओर देखा, तभी किसी दूसरी सवारी ने उसे बुलाया "अरे ओ पानी वाले जरा इधर आ एक पानी की बोतल दे ।" लड़का आगे बढ़ गया । तभी लाल बत्ती हरी हो गई , बस चल दी ।

बच्चा अब भी रोय जा रहा था । उसे चुप कराने के लिए उस स्त्री ने अपना आँचल उठाकर उरस्थल से बच्चें को सटा लिया । उसका आँचल भी जगह-जगह से फटा हुआ था । अभी तक जो उसकी तरफ देख भी नहीं रहे थी सभी की निगाह उसकी तरफ थी । यह सब देखकर बस में बैठी औरतों में कानाफूसी होने लगी । वो आपस में कह रही थीं "बड़ी बेशर्म औरत है । पता नहीं कहा से चली आती है बेशर्म कहीं की । इतने मर्द यहाँ बैठे हैं और यह देखो क्या कर रही है ।" कंडक्टर के साथ अन्य लोग उसके तन को गिद्ध की तरह देख रहे थे । इन असंख्यक नज़रों से बचने के लिए वह अपने हाथों से तन को ढकने की असफल कोशिश कर रही थी ।

उस स्त्री से कुछ दूरी पर दो सीटों पर चार लोग बैठें थे । कंडक्टर उनके पास आया और टिकट मांगी । बैठे व्यक्तियों में से एक ने कहा "स्टाफ है ।"

"काये बात का इस्टाफ है ?"

"पुलिस का ।"

कंडक्टर बिना कुछ बोले आगे की ओर बढ़ गया । उसकी नज़र स्त्री पर टिकी थी । तभी अगला बस स्टॉप आ गया । स्टॉप से कुछ महिलाएं, पुरुष चढ़े । इन लोगों में से किसी ने कहा "कहीं से बड़ी बदबू आ रही है ।" लोग बस की खिड़कियों से, गले निकाल-निकाल के इधर-उधर देखने लगे । बस अपनी गति से फिर आगे की ओर बढ़ी । तभी भीड़ में से किसी ने उस स्त्री की ओर संकेत करते हुए कहा "बस में बदबू इस कंजरी के पास से आ रही है ।" बस में भीड़ का समहू उसकी और देखने लगा । वे अपनी और देखती आँखों से सहम गई । भीड़ का समूह कंडक्टर से कहने लगा "ओ कंडक्टर इस कंजरी को बस में से नीचे उतारो नहीं तो हमें उल्टी हो जाएगी ।"

कंडक्टर जो अब तक उस स्त्री को भेड़ियों की तरह देख रहा था उसकी तरफ बढ़ते हुए कहता है " अरी ओ सुन, चल बस से नीचे उतर ।"

स्त्री चुपचाप बिना किसी प्रतिक्रिया दिए बच्चे को गोद में लिए बस के कोने में खड़ी रही ।

कंडक्टर "ओरी तेरे को सुनाई दी रिहा है या नहीं ।"

सवारियां "ओ कंडक्टर इसे बस में से नीचे उतारेगा या नहीं"

कंडक्टर "अरी ओ कंजरी तेरे कोऊ सुनाई दी रिहा है या नही"

स्त्री ने बहुत धीरे से कहा "बहार बहुत धूप है भाईयां । मेरा बच्चा बहुत छोटा है यहां आसपास में कुछ दिख भी नहीं रहा है ।"

कंडक्टर "भैया किसी कह रही है । तेरे साथ कोई कुछ थोड़े ही न करेगा । तू हूर की परी है क्या । बस की सभी सवारी हँसने लगी । तभी कंडक्टर ने उसके उरोज को छूने की कोशिश की ।"

स्त्री सहम गई । पीछे हटती हुई बोली "भाईयां शरीर छुओ मत, मैंने भी टिकट ली है । जहां की ली है वहीं जाऊँगी ।"

डाइवर जो अब तक शीशे से सबकुछ देख रहा था वह बोलता है- "अरे ओ बिपन्वा क्या घुसर-पुसर हो रिहा है ।"

"कुछ नही उस्ताद यह कंजरी बस में से उतर नहीं रही है ऊपर से टिकट का रोब दिखा री है । खुद को हूर की परी समझ रही है ।"

ड्राइवर "उतार साली को नीचे ।"

कंडक्टर : सुना नहीं तूने, नीचे उतर ।

"भईयां मैंने भी टिकट ली है ।"



Scanned with OKEN Scanner

कंडक्टर "एक तो कंजरी नहाती नही ऊपर से जबान लगाती है |"

स्त्री ने डरते-डरते बोला "भईयां आगे गाजीपुर पर उतर जाऊंगी |"

सभी सवारियां एक साथ चिल्लाती हैं "इसे अभी नीचे उतारो बड़ी बदबू आ रही है । हमें उल्टी हो जाएगी |"

चारों तरफ से चिल्लाने की आवाज सुनकर स्त्री की आँख में रक्त उतर आया । वह बोली "ऐ लोगों मारे पास से बू आ रही है । कभी हमरा साथ रहिके देखो सारी चमकवा निकल जाई । जितना तुम्हें कपड़ा फीचें पानी मिलात है । उतना हमरे पिवा का नाहीं । जानती हूँ तुम्हें लोगन का । देह को गिद्ध जैसा निहारत हो । घर पें अपणी माई का देह ऐसे निहारत हों । आ गोरकी-गोरकी औरतें यहा बैठील है । दूसरी औरत को नाहि समझती |"

स्त्री पर बस की सवारी फिर चिल्लाने लगी "इस कंजरी को उतारो हमसे तुलना कर रही है यह, उतारो इसे नीचे |"

कंडक्टर ने बोला साली कंजरी जबान लड़ाती है । उसके हाथ बालों की तरफ बढ़ते हैं । कंडक्टर उसके बालों को पकड़ कर बस के गेट तक आ जाता है । स्त्री का बच्चा बहुत तेज रोने लगता है | वह एक हाथ से अपने बच्चें को संभाल रही है । दूसरे हाथ से अपने बालों को छुड़ाने की कोशिश करती है । खुद को बचाने के लिए कंडेक्टर को धक्का देकर पीछे की ओर धकेल देती है । इससे कंडक्टर को गुस्सा आता है वह अपना पैर उठाकर उसके पेट पर दे मारता है । इससे वह गिरने वाली होती है । इससे बचने के लिए स्त्री बस के दरवाजे की रॉड पकड़ना चाहती है । तभी कंडक्टर गाली देता हुआ दूसरी लात भी उसे मारता है । स्त्री चलती बस से गिर जाती है । कंडक्टर के साथ सभी सवारियाँ हँसने लगती हैं...

# पलाशपर्वम् – अस्माकं महाविद्यालयस्य वार्षिकोत्सवः



डॉ.मेघना के.धारणे

अस्माकं महाविद्यालये प्रतिवर्षं वार्षिकोत्सवः उत्साहेन आयोज्यते। परंतु अस्मिन् वर्षे अस्य उत्सवस्य नाम "पलाशपर्व" एति निर्धारितम् । पलाशवृक्षः अस्माकं कपराडा प्रदेशे बहुलतया दृश्यते। अस्माकं प्रदेशे आदिवासीसमाजः विशेष महत्वं धारयति। वनानि, पर्वता, नदीः च तेषां जीवनस्य अविभाज्यः अंगा सन्ति। आदिवासीजनाः प्रकृतिं मातृरुपेण मन्यन्ते तथा तस्याः संरक्षणं कुर्वन्ति। एषा परंपरा अस्माकं देशस्य गौरवं वर्धयति। एतस्याः परंपरायाः संरक्षणाय तथा अग्रे नेतुं वयं " पलाशपर्व " नामकं नूतनं पहलम् आरब्धवन्तः ।

वसन्तऋतौ अस्य वृक्षस्य रक्तवर्णानि पुष्पाणि बहु सुन्दराणि द्रुश्यन्ते। पलाशपुष्पाणि संपूर्णप्रदेशस्य शोभां वर्धयन्ति। पलाशपुष्पाणि केवलं पुष्पाणि न सन्ति , किन्तु एतानि पुष्पाणि उत्साहस्य,नवजीवनस्य तथा आनंदस्य अपि प्रतीकानी सन्ति। यथा वसन्तकाले पलाशवृक्षः नूतनैः पुष्पैः शोभते,तथा विद्यार्थीणाम् जीवनम् अपि नूतनैः स्वप्नैः , आशाभिः ,उत्साहेन च परिपूर्णम् भवति। अतः अस्माकं महाविद्यालयस्य वार्षिकोत्सवस्य नाम " पलाशपर्व" एति अतीव उचितरुपेण निर्धारितम्।

पलाशपर्वे महाविद्यालये विविधाः सांस्कृतिक कार्यक्रमाः आयोज्यन्ते। एतस्मिन उत्सवे नृत्यं,गीतं,नाटकं एत्यादयः कार्यक्रमाः भवन्ति। एते कार्यक्रमाः विद्यार्थीणां प्रतिभां प्रकाशयन्ति।विद्यार्थीणः स्वकौशलं दर्शयन्ति तथा आत्मविश्वासं वर्धयन्ति। एते कार्यक्रमाः आदिवासी संस्कृतेः सौन्दर्यं अपि दर्शयन्ति। एतेन विद्यार्थिनः स्वसंस्कृतेः महत्वं ज्ञातुं शक्नुवन्ति तथा तस्य संरक्षणाय प्रेरणां प्राप्नुवन्ति।

पलाशपर्वः केवलं मनोरंजनस्य कार्यक्रमः नास्ति ,अपि तु एषः विद्यार्थीनां मध्ये एकतां,सहयोगभावं,च मैत्रीं वर्धयति। विद्यार्थीणः मिलित्वा कार्यक्रमान् सफलतया संपन्नं कुर्वन्ति एतेन महाविद्यालयस्य वातावरणं आनन्दमयं भवति। अस्माकं महाविद्यालयस्य प्राध्यापकाः अपि एतस्मिन् उत्सवे महत्वपूर्णां भूमिकां निर्वहन्ति। ते विद्यार्थीभ्यः मार्गदर्शनं ददति। तेषां मार्गदर्शनेन विद्यार्थीणः उत्तमं प्रदर्शनं कुर्वन्ति।

उपसंहारतः वक्तुं शक्यते यत " पलाशपर्व " अस्माकं महाविद्यालयस्य महत्वपूर्णः सांस्कृतिक उत्सवः अस्ति। यथा पलाशपुष्पाणि, प्रकृतेः शोभां वर्धयन्ति तथा एव अयं उत्सवः महाविद्यालयस्य गौरवं वर्धयति तथा विद्यार्थीणां जीवनं आनन्देन पूरयति।



Scanned with OKEN Scanner

# "ઉચ્ચ શિક્ષણમાં લાઇબ્રેરીનું મહત્વ : એક સંશોધનાત્મક દ્રષ્ટિ"




## ✍ લેખક:

## અમિતકુમાર નટુભાઈ પરમાર

## ગ્રંથપાલ, સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડા


આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં લાઇબ્રેરીને જ્ઞાનનું મુખ્ય કેન્દ્ર માનવામાં આવે છે. કોલેજના વિદ્યાર્થીઓ માટે લાઇબ્રેરી માત્ર પુસ્તકોનો સંગ્રહ નથી, પરંતુ તે સંશોધન, અભ્યાસ અને નવી વિચારોની પ્રેરણા આપતું મહત્વપૂર્ણ સ્થાન છે. અહીંથી વિદ્યાર્થીઓને પુસ્તકો, રેફરન્સ સામગ્રી, જર્નલ્સ અને વિવિધ માહિતી સ્રોતો સરળતાથી ઉપલબ્ધ થાય છે.

સંશોધન અનુસાર જે વિદ્યાર્થીઓ લાઇબ્રેરીનો નિયમિત ઉપયોગ કરે છે તેઓમાં વિષય પ્રત્યે વધુ સમજ, વિશ્લેષણ કરવાની ક્ષમતા અને આત્મવિશ્વાસ વધારે જોવા મળે છે. લાઇબ્રેરી વિદ્યાર્થીઓને માત્ર પરીક્ષા માટે જ નહીં, પરંતુ જીવનમાં યોગ્ય નિર્ણય લેવા માટે પણ માર્ગદર્શન આપે છે.

આજના ડિજિટલ યુગમાં લાઇબ્રેરીનું સ્વરૂપ વધુ આધુનિક બન્યું છે. હવે વિદ્યાર્થીઓને માત્ર છાપેલ પુસ્તકો જ નહીં પરંતુ ઓનલાઈન ડિજિટલ સ્રોતો પણ ઉપલબ્ધ થાય છે. ભારતમાં ઉચ્ચ શિક્ષણ અને સંશોધન માટે મહત્વપૂર્ણ યોગદાન આપતી સંસ્થા છે INFLIBNET Centre દ્વારા વિવિધ ડિજિટલ સેવાઓ, ઈ-જર્નલ, ઈ-બુક અને સંશોધન આધારિત માહિતી ઉપલબ્ધ કરવામાં આવે છે, જે વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે ખૂબ ઉપયોગી સાબિત થાય છે તેવી જ રીતે Shodhganga એ ભારતીય યુનિવર્સિટીઓની PhD theses અને MPhil dissertations માટે એક repository છે, જ્યાં students અને researchers subject-wise theses download કરી શકે છે.

તે ઉપરાંત NSDL (National Science Digital Library) પણ શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ ડિજિટલ પ્લેટફોર્મ છે. NSDL દ્વારા વિજ્ઞાન, ટેક્નોલોજી અને અન્ય શૈક્ષણિક વિષયો સંબંધિત અનેક ઓનલાઇન અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ છે. આ પ્લેટફોર્મ વિદ્યાર્થીઓને સરળ ભાષામાં ગુણવત્તાસભર શૈક્ષણિક માહિતી પ્રદાન કરે છે.

International અને research-based learning માટે Project Gutenberg free classical literature અને reference books પ્રદાન કરે છે, અને NPTEL (National Programme on Technology Enhanced Learning) IITs અને IISc દ્વારા video lectures અને technical courses ઉપલબ્ધ કરાવે છે. SWAYAM (Study Webs of Active-Learning for Young Aspiring Minds) India Government નું platform છે, જે multi-disciplinary courses, video lectures, e-books અને quizzes provide કરે છે, અને course completion પર certificate પણ આપે છે. આ તમામ platforms QR codes અથવા સીધી લિંક દ્વારા instant access માટે સક્ષમ છે, જેથી students research, self-learning અને assignments વધુ સરળતાથી કરી શકે.



Scanned with OKEN Scanner

તાજેતરમાં ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ ONOS પહેલ ઉચ્ચ શિક્ષણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ONOS (One Nation One Subscription) યોજનાનો મુખ્ય હેતુ દેશભરના વિદ્યાર્થીઓ, સંશોધકો અને શિક્ષકોને એક જ પ્લેટફોર્મ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરના ઈ-જર્નલ અને સંશોધન લેખોની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો છે. અગાઉ વિવિધ સંસ્થાઓને અલગ-અલગ ડેટાબેસ માટે સબ્સ્ક્રિપ્શન લેવું પડતું હતું, પરંતુ ONOS દ્વારા અનેક પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય પ્રકાશકોના જર્નલ્સ એક જ વ્યવસ્થાથી ઉપલબ્ધ થવાની દિશામાં પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

આ યોજના ખાસ કરીને ગ્રામ્ય અને દૂરના વિસ્તારોમાં આવેલી કોલેજો માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે, કારણ કે તે વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરની સંશોધન માહિતી સુધી પહોંચવાની સમાન તક આપે છે. ONOS દ્વારા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ અને સંશોધન માટે નવી દિશા અને વિશાળ જ્ઞાનભંડાર પ્રાપ્ત થાય છે.

આ રીતે જોવામાં આવે તો આજના સમયમાં કોલેજ લાઇબ્રેરી માત્ર પુસ્તકોનો સંગ્રહ નથી રહી, પરંતુ તે છાપેલ અને ડિજિટલ બંને પ્રકારના જ્ઞાનનું સમૃદ્ધ કેન્દ્ર બની ગઈ છે. લાઇબ્રેરી વિદ્યાર્થીઓમાં વાંચનની આદત વિકસાવે છે, સંશોધન માટે પ્રેરણા આપે છે અને તેમના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**"વાંચનથી જ્ઞાન મળે છે અને લાઇબ્રેરી એ જ્ઞાન સુધી પહોંચવાનો શ્રેષ્ઠ માર્ગ છે."**



Scanned with OKEN Scanner

# કાવ્ય: યાદ આવે છે



લેખક : ચૌધરી રવિનાકુમારી એમ.
TYBA (SEM-6) ગુજરાતી

મિત્રો સાથે વિતાવેલા સ્કૂલના એ દિવસો,
યાદ આવે છે.
હસી-મજાક અને સુખ-દુ:ખના એ
દિવસો યાદ આવે છે.
હું બીજી સખી બનાવું ને તું રિસાઇ જતી એ
દિવસો યાદ આવે છે
તારા માટે હું બીજાની સાથે લડી લેતી એ
દિવસો યાદ આવે છે
તું જ મારી એક એવી સખી હતી,
જેને મેં મારું સર્વસ્વ માનતી એ
દિવસો યાદ આવે છે
આજે તું ભલે મારી સાથે નથી
પણ તારી યાદ આવે છે....



Scanned with OKEN Scanner

**કપરાડા – કુદરત, સંસ્કૃતિ અને આદિવાસી જીવનનું અનોખું સંમિશ્રણ.**
**કપરાડા એટલે જંગલ, પહાડ અને ભોળા આદિવાસી લોકોનું ઘર.".**



લેખક: સુરજ કામડી
TYBA (Sem-6) (History)

દક્ષિણ ગુજરાતના Valsad District માં આવેલો Kaprada તાલુકો કુદરતી સૌંદર્ય, આદિવાસી સંસ્કૃતિ અને પહાડી પ્રદેશ માટે ખૂબ ઓળખાય છે. ગુજરાતના સૌથી હરિયાળા અને જંગલપ્રધાન વિસ્તારોમાં કપરાડાનો સમાવેશ થાય છે. સાહ્યાદ્રી પર્વતમાળાની આસપાસ આવેલો આ વિસ્તાર વર્ષભર હરિયાળો રહે છે અને અહીંના જંગલો, પહાડો, નદીઓ અને ઝરણાઓ કુદરતપ્રેમીઓને વિશેષ આકર્ષે છે. કપરાડા માત્ર એક તાલુકો નથી, પરંતુ તે દક્ષિણ ગુજરાતના આદિવાસી જીવન અને સંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ છે.

કપરાડા નામ કેવી રીતે પડ્યું તેના વિશે લોકમાન્યતાઓ જોવા મળે છે. કહેવાય છે કે આ વિસ્તાર પહેલાં જંગલો અને પહાડોથી ભરેલો હતો અને અહીં નાના નાના "કપરા" અથવા પથ્થરાળા પ્રદેશો હતા. કેટલાક લોકો માને છે કે "કપરા" શબ્દનો અર્થ મુશ્કેલ અથવા કઠિન ભૂપ્રદેશ થાય છે, કારણ કે આ વિસ્તાર ઊંચા-નીચા પહાડો અને જંગલોથી ભરેલો હોવાથી અહીં પહોંચવું એક સમયે ખૂબ મુશ્કેલ હતું. આથી ધીમે ધીમે આ વિસ્તાર "કપરાડા" તરીકે ઓળખાવા લાગ્યો. સમય જતા આ નામ સ્થિર થઈ ગયું અને આજે સમગ્ર તાલુકો કપરાડા નામથી ઓળખાય છે.

ઇતિહાસની દૃષ્ટિએ કપરાડા વિસ્તાર લાંબા સમય સુધી આદિવાસી સંસ્કૃતિનો કેન્દ્ર રહ્યો છે. અહીં મુખ્યત્વે વારલી, કોકના, ધોડીયા અને ગામિત જેવી આદિવાસી જાતિઓ વસે છે. આ લોકો સદીઓથી કુદરત સાથે સુમેળમાં જીવન જીવતા આવ્યા છે. તેમના જીવનમાં જંગલો, નદીઓ અને ખેતીનું ખૂબ મહત્વ છે. પહેલાંના સમયમાં આ વિસ્તાર ઘણો દૂરદરાજ અને જંગલપ્રધાન હોવાથી બહારના લોકોનો સંપર્ક ઓછો હતો, તેથી અહીંની પરંપરાઓ અને સંસ્કૃતિ આજે પણ મૂળ સ્વરૂપમાં જોવા મળે છે.



કપરાડાના લોકો ખૂબ સાદગીભર્યું અને પ્રકૃતિ સાથે જોડાયેલું જીવન જીવતા હોય છે. અહીંના ગામોમાં આજે પણ લોકો પરંપરાગત રીતભાત અનુસાર જીવન જીવતા જોવા મળે છે. તહેવારો, લગ્ન પ્રસંગો અને અન્ય સામાજિક કાર્યક્રમોમાં લોકો એકત્ર થઈને પરંપરાગત ગીતો ગાય છે અને નૃત્ય કરે છે. આદિવાસી નૃત્ય અને સંગીત અહીંની સંસ્કૃતિનો મહત્વપૂર્ણ ભાગ છે. ગામમાં સહકાર અને એકતાની ભાવના પણ ખૂબ મજબૂત જોવા મળે છે.

કપરાડા તાલુકાની બીજી એક મહત્વપૂર્ણ ઓળખ તેનો કુદરતી સૌંદર્ય છે. અહીંના પહાડો, વળાંકદાર રસ્તાઓ અને ઘન જંગલો પ્રવાસીઓને ખૂબ આકર્ષે છે. ખાસ કરીને કુંભઘાટનો રસ્તો ખૂબ પ્રસિદ્ધ છે. આ રસ્તો પહાડોની વચ્ચે વળાંક લેતો પસાર થાય છે અને અહીંથી આસપાસના જંગલો અને ખીણોના સુંદર દૃશ્યો જોવા મળે છે.





કુંભઘાટનો માર્ગ દક્ષિણ ગુજરાતના સૌથી સુંદર ઘાટ રસ્તાઓમાંનો એક માનવામાં આવે છે. વરસાદી ઋતુમાં અહીંનું સૌંદર્ય વધુ વધે છે. હરિયાળા પહાડો, ધુમ્મસ અને ઠંડું વાતાવરણ આ સ્થળને ખૂબ આકર્ષક બનાવે છે. ઘણા લોકો ખાસ કરીને કુદરતનો આનંદ માણવા અહીં ફરવા આવે છે.

કપરાડામાં ખેતી પણ લોકોના જીવનનો મહત્વપૂર્ણ ભાગ છે. અહીંના લોકો મુખ્યત્વે નાગલી, મકાઈ, ચોખા અને અન્ય સ્થાનિક પાકો ઉગાડે છે. પહાડી વિસ્તાર હોવાને કારણે અહીં



Scanned with OKEN Scanner

પરંપરાગત ખેતી પદ્ધતિઓ વધુ જોવા મળે છે. કેટલાક લોકો જંગલમાંથી મધ, ઔષધીય છોડ અને અન્ય વનઉત્પાદનો એકત્રિત કરીને પણ જીવન નિર્વાહ કરે છે.

આ વિસ્તારની આદિવાસી સંસ્કૃતિમાં કલા અને પરંપરાનો વિશેષ મહિમા છે. ખાસ કરીને વારલી ચિત્રકલા વિશ્વભરમાં જાણીતી છે. આ ચિત્રોમાં આદિવાસી જીવન, નૃત્ય, ખેતી અને કુદરત સાથે જોડાયેલી ઘટનાઓનું દર્શન કરવામાં આવે છે. આ ચિત્રો તેમની સંસ્કૃતિ અને જીવનશૈલીનું અનોખું પ્રતિનિધિત્વ કરે છે.



આધુનિક સમયમાં કપરાડા તાલુકામાં વિકાસના કેટલાક પ્રયત્નો થયા છે. રસ્તાઓ, શાળાઓ અને આરોગ્ય સેવાઓમાં સુધારો થયો છે. તેમ છતાં આ વિસ્તાર હજુ પણ પોતાની કુદરતી ઓળખ અને સંસ્કૃતિને જાળવી રાખે છે. અહીંના લોકો સરળતા, મહેનત અને પરંપરાગત મૂલ્યો માટે જાણીતા છે.

અંતમાં કહી શકાય કે કપરાડા તાલુકો કુદરત, ઇતિહાસ અને આદિવાસી સંસ્કૃતિનો અનોખો સંગમ છે. અહીંના હરિયાળા જંગલો, પહાડી રસ્તાઓ, સરળ લોકો અને જીવંત પરંપરાઓ આ વિસ્તારને વિશેષ બનાવે છે. દક્ષિણ ગુજરાતના સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વારસામાં કપરાડાનું સ્થાન ખૂબ મહત્વપૂર્ણ છે. આ વિસ્તાર માત્ર એક ભૂગોળીય પ્રદેશ નથી, પરંતુ તે એક એવી સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે જે કુદરત સાથે સુમેળમાં જીવવાની પ્રેરણા આપે છે.

# વૈષ્ણવજન ભજન : ભારતીય જ્ઞાન પ્રણાલીના મૂલ્યોનો પ્રતિબિંબ



**કેવલકુમાર સુરેશભાઇ પટેલ,**
**મદદનીશ પ્રાધ્યાપક (ઇતિહાસ)**

**"પરોપકાર, સેવા અને માનવતાનો અમર સંદેશ"**

## પ્રસ્તાવના

ભારતની સંસ્કૃતિ અને પરંપરામાં જ્ઞાન, આધ્યાત્મિકતા અને માનવતાના મૂલ્યોને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. ભારતીય જ્ઞાન પ્રણાલી (Indian Knowledge System) માત્ર પ્રાચીન ગ્રંથોમાં જ સીમિત નથી, પરંતુ તે આપણા જીવનમૂલ્યો, સંસ્કૃતિ અને સમાજવ્યવસ્થામાં પણ જીવંત છે.

ગુજરાતના મહાન સંત અને ગુજરાતી સાહિત્યના આદિકવિ નરસિંહ મહેતા દ્વારા રચાયેલું **"વૈષ્ણવજન તો તેને રે કહીએ"** ભજન આ મૂલ્યોને સરળ અને અસરકારક રીતે વ્યક્ત કરે છે. આ ભજન માણસને કરુણા, સેવા અને નૈતિક જીવન તરફ દોરી જાય છે.

**"વૈષ્ણવજન તો તેને રે કહીએ,**
**જે પીડ પરાઈ જાણે રે."**

**અર્થ:** સાચો મનુષ્ય તે છે જે બીજા લોકોના દુઃખને પોતાની જેમ અનુભવે છે.

## ભારતીય જ્ઞાન પ્રણાલીનો આધાર

ભારતીય જ્ઞાન પ્રણાલી પ્રાચીન ભારતની જ્ઞાન પરંપરા છે, જેમાં આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક મૂલ્યોનો સમાવેશ થાય છે.

તેના મુખ્ય આધારસ્તંભો છે:

- **વસુધૈવ કુટુંબકમ્** – આખી દુનિયા એક કુટુંબ સમાન
- **સત્ય અને ધર્મ** – સત્યને સર્વોચ્ચ માનવું
- **નિષ્કામ કર્મ** – ફળની આશા વિના કર્તવ્ય કરવું
- **કરુણા અને સેવા** – સમાજના કલ્યાણ માટે કાર્ય કરવું

આ વિચારો ભગવદગીતા અને ઉપનિષદ જેવા ગ્રંથોમાં જોવા મળે છે.



Scanned with OKEN Scanner

### વૈષ્ણવજન ભજનનો સંદેશ

વૈષ્ણવજન ભજન માણસને શીખવે છે કે સાચી ભક્તિ માત્ર ઈશ્વરની ઉપાસના જ નથી, પરંતુ માનવતાની સેવા અને પરોપકારમાં છે.

આ ભજનમાં જણાવવામાં આવ્યું છે કે સાચો વૈષ્ણવ:

- બીજા લોકોના દુઃખને સમજે છે
- નિઃસ્વાર્થ સેવા કરે છે
- અહંકારથી દૂર રહે છે
- સત્ય અને ધર્મના માર્ગ પર ચાલે છે

આ બધા ગુણો ભારતીય જ્ઞાન પ્રણાલીના મૂળ મૂલ્યો છે.

### વૈષ્ણવજન ભજન વિશે

- રચયિતા : **નરસિંહ મહેતા**
- સમય : 15મી સદી
- ભાષા : ગુજરાતી
- મુખ્ય વિચાર : કરુણા, સેવા અને માનવતા
- રાષ્ટ્રીય મહત્વ : મહાત્મા ગાંધીજીના આશ્રમમાં આ ભજન નિયમિત ગવાતું હતું.

### જીવનમૂલ્યો

વૈષ્ણવજન ભજન આપણને નીચેના મૂલ્યો શીખવે છે:

- કરુણા
- પરોપકાર
- વિનમ્રતા
- સત્ય અને ધર્મ
- સમાનતા અને માનવતા

### નિષ્કર્ષ

વૈષ્ણવજન ભજન માત્ર એક ભક્તિગીત નથી, પરંતુ માનવ જીવન માટેનું એક નૈતિક અને આધ્યાત્મિક માર્ગદર્શન છે. ભારતીય જ્ઞાન પ્રણાલી જે મૂલ્યો શીખવે છે — કરુણા, સત્ય, સેવા અને વિનમ્રતા — તે બધા આ ભજનમાં સુંદર રીતે વ્યક્ત થાય છે.

આથી કહી શકાય કે વૈષ્ણવજન ભજન ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પરંપરાનો અમૂલ્ય વારસો છે, જે આજના સમયમાં પણ સમાજને માનવતા અને શાંતિ તરફ દોરી શકે છે.



Scanned with OKEN Scanner

# શિક્ષણ તો છે,
# પણ સંસ્કાર ક્યાં?



**પૂનમ રાજપુરોહિત**
**TYBA SEM-6 (ENGLISH)**

"શિક્ષણ માણસને બુદ્ધિશાળી બનાવે છે, પરંતુ સંસ્કાર તેને સારો માનવી બનાવે છે."

આજના આધુનિક યુગમાં માનવજાતે વિજ્ઞાન, ટેકનોલોજી અને શિક્ષણના ક્ષેત્રમાં અદભૂત પ્રગતિ કરી છે. આજે દરેક વ્યક્તિ શિક્ષિત બનવા માંગે છે. લોકો ઊંચી ડિગ્રી મેળવવા માટે પ્રયત્ન કરે છે અને સમાજમાં સફળતા મેળવવા માટે દોડ કરે છે. પરંતુ આ પ્રગતિ વચ્ચે એક મહત્વનો પ્રશ્ન ઊભો થાય છે – "શિક્ષણ તો છે, પણ સંસ્કાર ક્યાં?"

શિક્ષણ માણસને જ્ઞાન આપે છે, વિચારવાની શક્તિ વધારે છે અને જીવનમાં આગળ વધવા માટે માર્ગદર્શન આપે છે. પરંતુ સંસ્કાર માણસના સ્વભાવ અને વર્તનમાં પ્રતિબિંબિત થાય છે. સચ્ચાઈ, દયા, કરુણા, વિનમ્રતા, સહનશીલતા અને માનવતા જેવા ગુણો સંસ્કાર કહેવાય છે. જો શિક્ષણ સાથે આ ગુણો ન હોય, તો તે શિક્ષણ અધૂરું ગણાય.

આજના સમયમાં ઘણીવાર એવું જોવા મળે છે કે લોકો ઊંચી ડિગ્રી ધરાવે છે, પરંતુ તેમના વર્તનમાં સંસ્કારનો અભાવ જોવા મળે છે. કેટલાક લોકો પોતાની સફળતા માટે બીજાઓને નુકસાન પહોંચાડવા પણ તૈયાર થઈ જાય છે. તેઓ સમાજના નિયમો અને નૈતિક મૂલ્યોને અવગણે છે. આ બધું બતાવે છે કે આજના સમયમાં શિક્ષણ તો વધી રહ્યું છે, પરંતુ સંસ્કાર ઘટતા જઈ રહ્યા છે.

સંસ્કારનો પ્રથમ પાઠ માણસને પોતાના પરિવારમાંથી મળે છે. માતા-પિતા બાળકના પ્રથમ ગુરુ હોય છે. તેઓ બાળકને નાનપણથી જ સારા ગુણો અને નૈતિક મૂલ્યો શીખવે છે. ત્યારબાદ શાળા અને શિક્ષકો પણ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. જો શિક્ષણ સાથે સંસ્કારનું સંવર્ધન થાય, તો વિદ્યાર્થી માત્ર સફળ વ્યક્તિ જ નહીં પરંતુ સારો માનવી પણ બની શકે.

આધુનિક જીવનશૈલી, સ્પર્ધા અને ભૌતિકવાદના કારણે લોકો ઘણીવાર સંસ્કારોને ભૂલી જાય છે. સફળતા મેળવવાની દોડમાં તેઓ માનવતા અને નૈતિક મૂલ્યોને પાછળ મૂકી દે છે. પરંતુ સાચી સફળતા એ છે જેમાં જ્ઞાન સાથે સારા સંસ્કારો પણ જોડાયેલા હોય.

આથી જરૂરી છે કે શિક્ષણ વ્યવસ્થામાં માત્ર પાઠ્યપુસ્તકના જ્ઞાન પર જ ભાર ન મુકવામાં આવે, પરંતુ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ અને નૈતિક મૂલ્યો પર પણ ધ્યાન આપવામાં આવે. શિક્ષણનો સાચો હેતુ એ છે કે તે માણસને જ્ઞાનવાન બનાવે અને સાથે સાથે તેને સંસ્કારી અને જવાબદાર નાગરિક બનાવે.

અંતમાં કહી શકાય કે શિક્ષણ અને સંસ્કાર જીવનના બે પાંખ સમાન છે. એક વગર બીજું અધૂરું છે. જો સમાજમાં સાચો વિકાસ કરવો હોય, તો શિક્ષણ સાથે સંસ્કારનું સંવર્ધન પણ એટલું જ જરૂરી છે. ત્યારે જ આપણે સારા માનવીઓથી ભરેલો એક સુંદર અને સુખી સમાજ બનાવી શકીશું.



Scanned with OKEN Scanner

# વિરેશ્વર મહાદેવ મંદિર: એક અધ્યયન



લેખક : વંદનાકુમારી એસ. ખાડમ

TYBA(SEM-6) સમાજશાસ્ત્ર

ગુજરાત રાજ્યના વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આવેલ વિરક્ષેત્ર (ફ. મૂળગામ) ગામમાં આવેલું વિરેશ્વર મહાદેવ મંદિર એક પ્રાચીન અને ઐતિહાસિક સ્થાન તરીકે ઓળખાય છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખતાં વિરક્ષેત્ર ગામમાં આવેલ આ વિરેશ્વર મહાદેવ મંદિર ભગવાન શંકરને સમર્પિત છે.

ગ્રામજનોના જણાવ્યા અનુસાર મંદિરનું નામ ગામના નામ પરથી વિરક્ષેત્રના વિરેશ્વર મહાદેવ તરીકે પ્રચલિત થયું છે. અહીંથી અનેક પ્રાચીન અવશેષો પ્રાપ્ત થયા છે. આ સ્થળ સાથે ગ્રામજનોની અનેક લોકમાન્યતાઓ અને કલ્પનાઓ સંકળાયેલી છે. સાથે સાથે આ સ્થળ કોઈ પ્રાચીન ઐતિહાસિક ઘટનાથી પણ જોડાયેલું હોવાનું માનવામાં આવે છે.



સ્થળ પરિચય

ગુજરાત રાજ્યમાં આવેલ વિરેશ્વર મંદિર

જિલ્લો : વલસાડ

તાલુકો : કપરાડા

ગામ : વિરક્ષેત્ર (ફ. મૂળગામ)



Scanned with OKEN Scanner

અહીં આવેલ વિરેશ્વર મહાદેવ મંદિર કુદરતની અમૂલ્ય ભેટ સમાન ગણાય છે. મંદિરનું નામ વિરક્ષેત્ર ગામના નામ પરથી રાખવામાં આવ્યું છે.

---

મળેલા અવશેષો

આ સ્થળેથી નીચે મુજબના પ્રાચીન અવશેષો પ્રાપ્ત થયા છે :

- નંદી મહારાજની પ્રતિમા
- ચોરસ સ્તંભ
- વિવિધ દેવી-દેવતાઓના સમૂહ સાથેની મૂર્તિઓ (સ્તંભોમાં અંકિત)
- શિવલિંગ
- ભગવાન પદ્મપાલન
- પથ્થરનો દીવો
- સપ્ત ચિહ્નો ધરાવતી મૂર્તિ





## અવશેષો કેવી રીતે મળ્યા

• શરૂઆતમાં આ સ્થળે ગ્રામજનો બપોરના સમયમાં બળદ, ગાય, ભેંસ અને બકરાંને આરામ માટે રાખતા.
• મંદિર નજીક એક તળાવ આવેલું હતું.
• ગ્રામજનોની પાણીની સમસ્યા દૂર કરવા માટે તળાવને વધુ ઊંડું બનાવવા ખોદકામ શરૂ કરવામાં આવ્યું.
• ખોદકામ દરમિયાન આ બધા પ્રાચીન અવશેષો પ્રાપ્ત થયા.

---

## સ્થળ સાથે જોડાયેલી ગ્રામજનોની માન્યતાઓ

મહાશિવરાત્રીના દિવસે અહીં વિશાળ મેળો ભરાય છે. આ મેળામાં આસપાસના વિવિધ ગામોના લોકો ભાગ લે છે.

અહીં એક વિશેષ પરંપરા જોવા મળે છે. “હરિના સપ્તાહ” નામે એક અઠવાડિયા સુધી ભગવાન શિવની પૂજા-અર્ચના કરવામાં આવે છે. આ પ્રસંગે મહારાષ્ટ્ર અને ગુજરાતના ભક્તો પરંપરાગત ભક્તિભાવ સાથે અહીં ભેગા થાય છે.

સ્થાનિક લોકોનું માનવું છે કે આ મંદિર પાંડવોના વનવાસ દરમિયાનનું છે. કેટલાક લોકો રામ અને સીતાના પ્રવાસ સાથે પણ આ સ્થળને જોડે છે, એવો ઉલ્લેખ સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવે છે.

## ગ્રામજનોના જણાવ્યા મુજબનો ઐતિહાસિક વિકાસ

ગ્રામજનોના જણાવ્યા અનુસાર ઇ.સ. 1982થી અહીં નિયમિત પૂજા-અર્ચના શરૂ થઈ છે.

તે પહેલાં મંદિર ખંડિત અવસ્થામાં હતું. ત્યારબાદ મંદિરના ગર્ભગૃહમાં આવેલી મૂર્તિઓની સુરક્ષા અને જાળવણી માટે ગર્ભગૃહને ચારે બાજુથી મજબૂત બનાવવામાં આવ્યું. ગર્ભગૃહના ઉપરના ભાગનું પુનર્નિર્માણ ગામલોકોના સહયોગથી કરવામાં આવ્યું છે જેથી પ્રાચીન અવશેષો સુરક્ષિત રહી શકે.

## ગર્ભગૃહ



Scanned with OKEN Scanner

મંદિરમાં આવેલ વર્તમાન ગર્ભગૃહમાં જે મૂર્તિઓ સ્થાપિત છે, તે મૂળ જે સ્થિતિમાં મળી આવી હતી તે જ સ્થિતિમાં રાખવામાં આવી છે. તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ગર્ભગૃહમાં વિવિધ મૂર્તિઓ જોવા મળે છે જેમ કે :

- શિવલિંગ
- નંદી મહારાજની મૂર્તિ
- હનુમાન ભગવાનની મૂર્તિ
- અન્ય હિન્દુ દેવી-દેવતાઓની મૂર્તિઓ

## ઐતિહાસિક મહત્વ

આ સ્થળ ઐતિહાસિક ઘટનાથી જોડાયેલું હોવાનું માનવામાં આવે છે. અહીં મળેલા અવશેષો સ્વયં પ્રગટ થયેલા હોવાની માન્યતા પણ જોવા મળે છે.

મંદિર ચોક્કસ કયા સમયમાં બનાવાયું હતું અને કોણે તેનું નિર્માણ કર્યું હતું તેની પ્રમાણભૂત માહિતી હાલ ઉપલબ્ધ નથી.

નોંધ

કેટલાક લોકોના જણાવ્યા મુજબ આ સ્થળ ભગવાન બુદ્ધ સાથે પણ સંકળાયેલું હોઈ શકે છે, પરંતુ તેની ચોક્કસ માહિતી પ્રાપ્ત નથી.

મંદિરથી લગભગ 500 મીટર દૂર પાળિયા પણ મળી આવ્યા છે.

સંદર્ભ :

દમણગંગા ટાઈમ્સ – 2018



Scanned with OKEN Scanner

# કોલેજની વિદ્યાર્થીનીનું પોસ્ટર આર્ટ: એક ઝાંખી



લેખક : ચૌધરી રવિનાકુમારી એમ.

TYBA (SEM-6) ગુજરાતી






# આભારદર્શન

કોલેજનું વાર્ષિક મેગેઝિન **“સરવાણી”** માત્ર રચનાઓનો સંગ્રહ નથી, પરંતુ કોલેજ પરિવારની સર્જનાત્મકતા, વિચારશક્તિ અને પ્રતિભાનું પ્રતિબિંબ છે. આ મેગેઝિનના સફળ પ્રકાશન પાછળ અનેક વ્યક્તિઓનો સહકાર, માર્ગદર્શન અને પ્રોત્સાહન રહેલું છે.

સર્વપ્રથમ અમે સંસ્થાના પ્રિન્સિપાલશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ, જેમના માર્ગદર્શન અને પ્રેરણાથી આ મેગેઝિનના આયોજન અને પ્રકાશનને નવી દિશા મળી. તેમનું પ્રોત્સાહન સમગ્ર પ્રક્રિયામાં અમૂલ્ય રહ્યું છે.

આ ઉપરાંત સંપાદકીય મંડળના સભ્યો, અધ્યાપકશ્રીઓ તથા મુલાકાતી અધ્યાપકશ્રીઓનો પણ અમે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ, જેમણે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી અને તેમની રચનાઓને પ્રોત્સાહિત કરી આ મેગેઝિનને વધુ સમૃદ્ધ બનાવ્યું છે.

વિદ્યાર્થી મિત્રોનો પણ વિશેષ આભાર, જેમણે પોતાના લેખો, કવિતાઓ, વિચારો અને સર્જનાત્મક અભિવ્યક્તિ દ્વારા “સરવાણી”ને જીવંત અને રસપ્રદ બનાવવામાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો છે.

સાથે જ કોલેજના વહીવટી સ્ટાફ, લાઇબ્રેરી સ્ટાફ, શારીરિક શિક્ષણ વિભાગ તેમજ સેવક ભાઈઓ-બહેનોના સહયોગ માટે પણ અમે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

અંતમાં, “સરવાણી” મેગેઝિનના પ્રકાશનમાં સહકાર આપનાર તમામ સહયોગીઓ, મિત્રોને અને શુભેચ્છકોને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

**સહયોગ, સમર્પણ અને સર્જનાત્મકતાથી “સરવાણી” વધુ સમૃદ્ધ બને તેવી શુભકામનાઓ.**

# સહ સંપાદકો

**ડૉ. ભરત મોતીલાલ**
**મદદનીશ પ્રાધ્યાપક (હિન્દી)**

**ડૉ. મેઘના ધારણે**
**મદદનીશ પ્રાધ્યાપક (સંસ્કૃત)**



Scanned with OKEN Scanner

# કપરાડાની સરકારી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં માતૃભાષા મહોત્સવ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૨ :** ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડા, વલસાડના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સમાહ અંતર્ગત માતૃભાષા મહોત્સવ-૨૦૨૬નું આયોજન કોલેજ ખાતે કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય મનોજકુમાર પી.પટેલ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડો.ભાગ્યેશ જહાનું ગુજરાતી ભાષાના મહત્વ અંગેનો પ્રેરણાદાયી સંદેશો ઓડિયો-વિડિયો ક્લિપ દ્વારા ઉપસ્થિત સૌ



કોલેજમાંથી પધારેલા ડૉ. જયશ્રીબેન સોલંકીએ માતૃભાષાની મીઠાશ અને સુંદરતાની વાત વિવિધ ઉદાહરણો, પંક્તિઓ,વાર્તાઓ દ્વારા ગુજરાતી ભાષાના મહત્ત્વ વિશે અને માતાના ધાવણથી માંડી હાલના સમયમાં ગુજરાતી ભાષાનું સ્થાન ક્યાં છે એ અંગેનું વક્તવ્ય આપ્યું હતું.

કાર્યક્રમના બીજા વક્તા તરીકે દમણ કોલેજમાંથી પધારેલ ડૉ.

ઓતપ્રોત કરી દીધા હતા. અત્રેની કોલેજના અધ્યાપિકા ડૉ. મેઘનાબેન ધારણેએ ગુજરાતી ગીત સંભળાવ્યું હતું, તેમજ અરૂણોદય હાઈસ્કૂલ કપરાડાથી પધારેલા રવિભાઈએ ગુજરાતી અને અન્ય ભાષાઓમાં ગુજરાતી ભાષાના મહત્ત્વ અંગે અને માતૃભાષાના ગૌરવ અંગે વાત કરી હતી.

કાર્યક્રમની આભારવિધિ અત્રેની કોલેજના અધ્યાપકશ્રી




## વલસાડમાં રાજ્યકક્ષાનો 'એક ભારત શ્રેષ્ઠ ભારત' સેમિનાર યોજાયો

ભાસ્કર ન્યૂઝ | વલસાડ

નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદ તથા સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડા દ્વારા એક દિવસીય રાજ્યકક્ષાનો સેમિનાર 'એક ભારત શ્રેષ્ઠ ભારત' વિષય અંતર્ગત સંસ્કાર કેન્દ્ર, નૂતન કેળવણી મંડળ, કોલેજ કેમ્પસ, તિથલ રોડ, વલસાડ ખાતે યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય, પ્રાર્થના તેમજ મેગેઝિનના અનાવરણ સાથે કરી હતી. કોલેજના આચાર્ય મનોજભાઈ પી. પટેલ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.આ સેમિનારમાં ડૉ. હર્ષદેવ માધવ અને વક્તા ડૉ. સુનિલ મરજાદી અનેત્રીજા વક્તા ડૉ. નરેશ શુક્લા અને ડૉ. હેમંત દવે અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા શોધપત્રોની પ્રસ્તુતિ કરી હતી. આ સત્રમાં ડૉ. અનંત શર્મા, ડૉ. નિતેષ ચૌધરી તથા આશાબેન ગોહિલ અને ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને પાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ જિ.પં.ના સભ્ય હીરાબેન, કોલેજના આચાર્ય મનોજભાઈ. પ્રા. ડૉ. મેઘના કે. ધારણે રાષ્ટ્રગીત સાથે સેમિનારની ઔપચારિક પૂર્ણાહુતિ કરી હતી.

'એક ભારત, શ્રેષ્ઠ ભારત'

## વલસાડમાં યોજાયો કપરાડાની સરકારી કોલેજનો રાજ્યકક્ષાનો સેમિનાર

### એક ભારત, શ્રેષ્ઠ ભારતની દિશામાં' પ્રેઝેન્ટેશન દ્વારા ટેકનોલોજીમાં ભારતનું યોગદાન વિષે માર્ગદર્શન અપાયું

## 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' સેમિનાર યોજાયો



એક ભારત, શ્રેષ્ઠ ભારતની દિશામાં' પ્રેઝેન્ટેશન દ્વારા ટેકનોલોજીમાં ભારતનું યોગદાન વિષે માર્ગદર્શન અપાયું : "એકતાથી વિકાસ અને વિકાસથી વૈશ્વિકતા"ની થીમ આધારિત એક ભારત, શ્રેષ્ઠ ભારત- સોરઠ સુધા મેગેઝિનનું અનાવરણ કરાયું

દિવ્ય ભાસ્કર **વાપી ભાસ્કર 14-12-2025**

## કપરાડા કોલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરાયું

ભાસ્કર ન્યૂઝ | વલસાડ

સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડા ખાતે આજ રોજ તા. 12.12.2025ના દિવસે SSIP અને ઈનોવેશન ક્લબના ઉપક્રમે પરંપરાગત વાનગીઓ આધારિત ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં આત્મનિર્ભરતા અને કૌશલ્યનિર્માણને પ્રોત્સાહન આપવાનો હતો.

કોલેજના આચાર્ય મનોજકુમાર પટેલે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરી તેમના વરદ હસ્તે કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમમાં કપરાડા તાલુકા પંચાયત પ્રમુખ હીરાબેન માહલા, જિલ્લા પંચાયત સદસ્ય દક્ષાબેન ગાયકવાડ, કપરાડા ગામના સરપંચ શાંતિબેન તેમજ સામાજિક અગ્રણી ચેંદરભાઇ ગાયકવાડ અને પ્રભુભાઇ



માહલા ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા સ્થાનિક CRC, BRC, સ્થાનિક હાઈસ્કૂલના આચાર્યઓ અને શિક્ષકો ઉપરાંત વિવિધ સરકારી કચેરીઓના અધિકારીઓ તથા કર્મચારીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. ભરત સાહની, ડૉ. મેઘના ધારણે, સંદીપ ટંડેલ તેમજ સમગ્ર સ્ટાફે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા કુલ 10 જેટલા વિવિધ વાનગીઓના સ્ટોલ તૈયાર કરવામાં આવ્યા હતા.

દિવ્ય ભાસ્કર **વાપી ભાસ્કર 16-12-2025**

## કપરાડા કોલેજમાં લોકનૃત્ય કાર્યક્રમ યોજાયો

### આદિવાસી લોકસંસ્કૃતિ અને પરંપરાગત કળાઓને નવી પેઢી સુધી પહોંચાડવાનો પ્રયાસ

ભાસ્કર ન્યૂઝ | વલસાડ

કપરાડા સ્થિત સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ ખાતે આદિવાસી સમાજની સમૃદ્ધ લોકસંસ્કૃતિ, પરંપરા અને લોકનૃત્યોને જનસમક્ષ ઉજાગર કરવા માટે આદિવાસી લોકનૃત્યના સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ આદિવાસી સમાજની વિરાસત અને પરંપરાગત કળાઓને નવી પેઢી સુધી પહોંચાડવાનો રહ્યો હતો.

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર, સંગીત એજ જીવન ટ્રસ્ટ, પારનેરા-પારડી, જિલ્લા



વલસાડ તથા સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડાના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના વરદહસ્તે દીપ પ્રજ્વલન કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સામાજિક ન્યાય સમિતિ, જિલ્લા પંચાયત વલસાડના અધ્યક્ષ મિનાક્ષીબેન ગાંગોડા તથા તાલુકા પંચાયત કપરાડાના પ્રમુખ હીરાબેન પી. માહલા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે જિલ્લા પંચાયત સભ્ય દક્ષાબેન ગાયકવાડ અને કપરાડા ગ્રામ પંચાયતના સરપંચ શાંતાબેન મુહુડકર વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન પરંપરાગત વાદ્યોના તાલે આદિવાસી કલાકારો અને કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ લોકનૃત્યોની જીવંત અને આકર્ષક રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમનું સફળ આયોજન કોલેજના આચાર્ય મનોજકુમાર પી. પટેલના માર્ગદર્શન હેઠળ કોલેજના અધ્યાપકગણ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓના સહયોગથી શક્ય બન્યું હતું.

## કપરાડાની સરકારી વિનયન કોલેજમાં વિદ્યાર્થીઓ માટે ઈનોવેશન વિષય પર છ દિવસીય વર્કશોપ યોજાયો






### રોજના પાંચ કલાક "ઈનોવેશન મેરેથોન: ૩૦ કલાક ક્રિએટીવીટી" થીમ હેઠળ ચર્ચા કરવામાં આવી

સત્ય ડે / વલસાડ : વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાની સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ ખાતે આચાર્ય મનોજકુમાર પી. પટેલના નેતૃત્વ હેઠળ ઈનોવેશન ક્લબ દ્વારા વિદ્યાર્થીઓ માટે છ દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રોજના પાંચ કલાક દરમિયાન "ઈનોવેશન મેરેથોન: ૩૦ કલાક ક્રિએટીવીટી" થીમ હેઠળ ચર્ચા કરવામાં આવી હતી.

આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને હર્બલ સાબુ- શેમ્પુ- તેલ બનાવતા, રંજનાબેન ટંડેલની ટીમ દ્વારા મહેંદી-મેકઅપ, નેઈલ આર્ટ તથા ક્લે આર્ટીસ્ટ ચૈતાલીબેન રાજપૂત દ્વારા ક્લે-આર્ટ, મનમોહન પટેલ દ્વારા મધમાખી ઉછેર જેવા અલગ અલગ વિષયો પર પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવી હતી. આ વર્કશોપમાં ૧૧૦ વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઈનોવેશન વર્કશોપને સફળ બનાવવા માટે ઈનોવેશન ક્લબના કોર્ડિનેટર પ્રા. કેવલ એસ. પટેલ અને ડૉ. ભરત મોતીલાલ તથા સમગ્ર કોલેજની ટીમ દ્વારા વિશેષ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આ વર્કશોપનો હેતુ વિદ્યાર્થીઓ પોતાની સ્કીલથી આત્મનિર્ભર બને તે અંગેનો હતો. વર્કશોપના સફળ આયોજન અને સંચાલન માટે કોલેજના આચાર્ય મનોજકુમાર પી. પટેલ દ્વારા સૌને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



Scanned with OKEN Scanner

# સરવાણી

વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, વિચારશકિત અને જ્ઞાન પ્રવાહનું
જીવંત પ્રતિબિંબ છે. આ વાર્ષિક મેગેઝિન દ્વારા
સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડાના વિર્દાર્થીઓ તથા
અધ્યાપકોની સાહિત્યિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને
વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓને એકત્રિત કરીને પ્રસ્તુત કરવામાં આવી છે.
આ અંકમાં વિદ્યાર્થીઓના મૌલિક લેખો, કાવ્યો, નિબંધો,
સર્જનાત્મક વિચારો તથા વર્ષ દરમિયાન કોલેજમાં યોજાયેલી
વિવિધ પ્રવૃત્તિઓનું સુંદર સંકલન છે.
આ પ્રકાશન વિદ્યાર્થીઓમાં જ્ઞાનપ્રેમ, સર્જનાત્મકતા અને
સંસ્કૃતિ પ્રત્યેની ભાવનાને વધુ પ્રબળ બનાવો તેવી
અમારી આશા છે.

**"શિક્ષણ એ એક શકિતશાળી પ્રકાશ છે,**
**જે વ્યકિતને જ્ઞાન, સર્જનાત્મકતા અને**
**સામાજિક પ્રગતિ તરફ માર્ગદર્શન આપે છે."**

:: PUBLISHED BY ::
Government Arts and Science College
Kaparada - Valsad
Academic Year 2025 - 2026